## પ્રદેશ કોંગ્રેસનાં પ્રમુખ અમિત ચાવડા દ્વારા ૩જા તબક્કાની

# કોંગ્રેસની જન આક્રોશ યાત્રામાં માનવભીડ ઉમટી

**નવસારીનાં સાંસદ દેશનાં જલમંત્રી છતાં સ્થાનિક જનતા પાણી માટે વલખા મારતી હોવાનો આક્ષેપ**

**નવસારીમાં અવારનવાર પુર આવવાને કારણે હજારો લોકોને સ્થળાંતર કરવું પડે છે**

**વિકાસનાં નામે વર્તમાન સરકાર દલિતો, આદિવાસી લઘુમતીઓ અને ઓબીસીનાં ઘરો પર બુલડોઝર ફેરવે છે**

**ગૃહિણીઓ કાળઝાળ મોંઘવારીથી ત્રસ્ત બની હોવાનું પણ કોંગી નેતાએ જણાવ્યું**



અમદાવાદ, તા. ૪

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ આજે જણાવ્યું કે, નવસારીમાં જનાક્રોશ યાત્રા દરમિયાન મોટી સંખ્યામાં લોકો જોડાઈને પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. લોકોએ પોતાની ફરિયાદ, તકલીફ, પીડા અને આક્રોશ વ્યકત કર્યો હતો.

કોંગ્રેસની જન આક્રોશ યાત્રા આજે નવસારીના ચીખલીથી સવારે ૯:૦૦ વાગે શરૂ થઈ હતી અને ત્યારબાદ ગણદેવી, ઈટાળવા, નવસારી, સિસોદરા, ખારેલ, ટાંકલ, રાનકુવા, સાદડવેલી, ખુડવેલ, ઝરી અને વાંસદા પહોંચી હતી. જન આક્રોશ યાત્રા આજે નવસારીના ચીખલીથી પ્રસ્થાન થઈ હતી. ગણદેવી, ઈટાળવા, નવસારી, સિસોદરા ખારેલ, ટાંકલ, રાનકુવા, સાદડવેલી, ખુડવેલ, ઝરી અને વાંસદામાં યાત્રા પૂરી થઈ હતી. આ યાત્રા દરમિયાન ચીખલી નવસારી, ગણદેવી અને વાંસદાના લોકોની વિવિધ સમસ્યા અને તકલીફો સાંભળી હતી. અહીંના સ્થાનિક લોકોએ રજૂઆત કરતા કહ્યું કે, અહીં પાણીની અછત, પૂરથી થતા નુકસાન, રસ્તા-ડ્રેનેજની અભાવ, વરસાદી પાણીનો નિકાલ, આરોગ્ય સુવિધાનો અભાવ, રોડ રસ્તાની ખરાબ હાલત, પીવાના શુધ્ધ પાણીના અછત, ચોરી, ડ્રગ્સ, દારૂનું દુષણ ખુબ જ વ્યાપક પ્રમાણમાં ફેલાયું છે. પોલીસની હપ્તાખોરીના કારણે બુટલેગર બેફામ બન્યા છે.

આ ઉપરાંત અન્ય મૂળભૂત સુવિધા ન મળતા લોકોએ સરકાર સામે નારાજગી વ્યકત કરી હતી. ગણદેવીમાં યાત્રા દરમિયાન લોકોએ રજૂઆત કરી કે ભારે વરસાદે પડતા પાકને નુકસાન થયું છે, પરંતુ સરકારે કોઈપણ પ્રકારનું વળતર આપયું નથી. ચીકુ, કેરી જેવા પાકનું મબલખ ઉત્પાદન થાય છે પરંતુ સરકારની નિષ્ફળ નીતિના કારણે બજારમાં પૂરતા ભાવ નથી મળતા. સ્થાનિક યુવાનો નોકરી માટે અન્ય વિસ્તારમાં સ્થળાંતર કરવા મજબુર બન્યા છે. ખાસ કરીને દરિયાકાંઠાના ગામોમાં ક્ષારયુકત પાણી પર નિર્ભરતા છે, ડ્રેનેજ નેટવર્કનો અભાવ અને વારંવાર પૂર આવવને કારણે લોકોને સ્થળાંતર કરવા મજબુર બન્યા છે.

તેઓએએ નવસારીના સ્થાનિક લોકોના પ્રશ્નો અને સરકાર ધ્વારા ગરીબ લોકોને હેરાનગતિ મુદ્દે જણાવ્યું હતું કે આ નવસારીના સાંસદ અને ભારતીય જનતા પાર્ટીના પ્રદેશના અધ્યક્ષ રહી ચૂકેલા અને વર્તમાન સમયમાં કેન્દ્ર સરકારના જલ મંત્રી છે, પણ અહીંના લોકોને પીવાના પાણીની ખૂબ મોટી સમસ્યા છે. મહિલાઓ પીવાના પાણી માટે કકળાટ કરી રહી છે. ચારે તરફ વિકાસના નામે લોકોના ઘર તોડવા માટે નોટિસો અપાઈ રહી છે. સરકાર કોઈના પાકા મકાન કે, ઘરનું ઘર તો નથી આપતી પણ વર્ષોથી બાપ દાદાએ બનાવેલા ઘરો તોડવામાં આવી રહ્યા છે. આ નવસારી શહેરમાં ફલાવર શોના નામે કરોડો રૂપિયા ખર્ચાય છે. પણ અહીંયાના રસ્તા સારા નથી બનતા. અહીં દારૂ અને ડ્રગ્સને કારણે યુવા પેઢી બરબાદ થઈ જાય છે. મહિલાઓ આક્રોશ સાથે કહી રહી છે કે, આ દારૂની બદી બંધ કરાવો અમારા ઘરને બરબાદ થતા બંધ કરો, ગામે ગામ મહિલાઓની આક્રોશ સાથે એક જ માંગ કરે છે કે દારૂની રેલમછેલ બંધ કરાવો.

યાત્રા દરમિયાન તેઓએ સ્થાનિક લોકો ધ્વારા સરકાર ધ્વારા મકાનો તોડવા બાબતે રજૂઆત કરી હતી અને લોકોએ રજૂઆત કરતાં અમિત ચાવડાને જણાવ્યું કે અમને સરકાર ધ્વારા નોટિસ આપવામાં આવી નથી, આરટીઆઈની અરજીઓમાં પણ જવાબ નથી આપતા.

હાઈકોર્ટનો તળાવો બાબતેનો ચુકાદો હોવા છતાં નવસારી મહાનગરપાલિકાનું નવુ મકાન તળાવ ઉપર બાંધવામાં આવી રહ્યું છે જે બાબતે લોકોએ રજૂઆત કરી હતી. યાત્રા દરમિયાન સરકારની મનમાની સામે નવસારીની મહિલાઓએ રજૂઆત કરી હતી કે અમને ડ્રેનેજ લાઈન આપી, લાઈટ આપ્યું, પાણીનું કનેકશન આપ્યું ત્યારે ન હતું જણાવ્યું કે સરકારી જગ્યા છે પણ સરકાર હવે મહાનગરપાલિકા આવવાની છે એવું કહીને અમને હટાવવવામાં આવી રહ્યા છે. ગૃહિણીઓ મોંઘવારીથી ત્રસ્ત છે અને તેમણે આક્રોશ વ્યકત કરતાં જણાવ્યું હતું કે "બહુત હુઈ મહેગાઈ કી માર, અબ હટાવો ભાજપ સરકાર."

અમિત ચાવડાએ નવસારીના સ્થાનિક લોકોને તાકીદ કરી હતી કે આજે ૧૫ લોકોને નોટિસ આપવામાં આવી છે, કાલે ૧૫,૦૦૦ લોકોને આપવામાં આવશે, લોકોએ એકજુથ થઈને લડવું પડશે અને સંઘર્ષ કરવો પડશે તેમ અંતમાં જણાવેલ છે.

---

### ભાજપ અગ્રણીની જિલ્લા કલેકટરને લેખિત રજુઆત

## બાબરા : ધરાઈ ગામનાં સરપંચ સામે ભ્રષ્ટાચાર અને સત્તાના દુરૂપયોગનો આક્ષેપ

**રહેણાંક પ્લોટમાં મોબાઈલ ટાવર ઉભો કર્યાનો આક્ષેપ**

બાબરા, તા. ૪

બાબરા તાલુકાના ધરાઈ ગામના સરપંચ નયનાબેન પરેશભાઈ કાપડિયા ધ્વારા કરવામાં આવેલા કથિત ભ્રષ્ટાચાર, શરત ભંગ અને સરકારી સત્તાના દુરૂપયોગના મામલે ભાજપના અગ્રણી મિતુલભાઈ જોશીએ જિલ્લા કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરી તેમને તાત્કાલિક પદ પરથી બરતરફ કરવાની માંગ કરતા રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે. તેઓએ કરેલા આક્ષેપો મુજબ સરકાર ધ્વારા રહેણાંક હેતુ માટે ૫૦ વર્ષના પટ્ટે ફાળવવામાં આવેલા પ્લોટ પર નિયમ અનુસાર એક વર્ષમાં બાંધકામ કરવાનું હોય છે, પરંતુ સરપંચે આ શરતનો ભંગ કર્યો છે અને તાજેતરમાં થયેલા દસ્તાવેજોમાં પણ તે ખલ્લી જમીન હોવાનું સાબિત થાય છે.

વધુમાં, રહેણાંક હેતુ માટે ફાળવાયેલી આ જમીન પર સરકારની મંજૂરી વિના ગેરકાયદેસર રીતે મોબાઈલ ટાવર ઊભો કરી વ્યવસાયિક પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી છે, જેમાં સરપંચે પોતાની સત્તાનો દુરૂપયોગ કરી ગ્રામ પંચાયત વતી પોતે જ પોતાને મંજૂરી આપી દીધી હોવાનો ગંભીર આરોપ છે.

આ પૂર્વે સરપંચના પતિ અને ભૂતપૂર્વ ઉપસરપંચ પણ મોબાઈલ ટાવરના કામમાં જ રૂા. ૧ લાખની લાંચ લેતા ઝડપાઈ ચૂકયા છે તેમજ તેમના પર દલિત સમાજના વ્યક્તિને હેરાન કરવા બદલ એટ્રોસિટી જેવો ગંભીર કેસ પણ નોંધાયેલો છે.

ધરાઈ ગામમાં થયેલા વિકાસકામોમાં પણ વ્યાપક ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદો સાથે સરકારના ઉચ્ચ સ્તરે આક્રમક રજૂઆત કરી છે અને તાત્કાલિક ધોરણે મોબાઈલ ટાવરનું કામ બંધ કરાવીને સરપંચને હોદ્દા પરથી દૂર કરવા કડક પગલાંની માંગ કરી છે.

---

### ૧૬ વર્ષ પહેલા બનેલ ઘટનાને લઈને

## બગસરા માર્કેટયાર્ડનાં તમામ સમિતિ સદસ્યો નિર્દોષ જાહેર

**એડવોકેટ એ.સી. વરિયાની દલીલો સફળ**

અમરેલી, તા. ૪

બગસરામાં સને ૨૦૦૮ની સાલમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનાં કુલ ૧૯ સભ્યો સામે કાનૂની તોલમાપ અને વિજ્ઞાન તંત્ર વિભાગ ધ્વારા કોઈની બદશીખવણીનો ભોગ બની કરેલ ફરિયાદનાં કામે બગસરા કોર્ટમાં ફો.કે.નં. ૨૬૪/૨૦૦૮નો દાખલ કરવામાં આવે.

આ કેસના કામે હોદાની રૂઈએ સહકારી અધિકારી (બજાર) લગત જિલ્લા રજી., સહકારી મંડળી, સભ્ય તથા વિસ્તરણ અધિકારી (ખેતી) લગત તાલુકા પંચાયત કચેરી બગસરાને આરોપી તરીકે ગુજરાત હાઈકોર્ટે રદબાતલ ઠેરવેલ.

સદર કેસ પુરાવા ઉપર આવતા બજાર સમિતિ ધ્વારા ધારાશાસ્ત્રી રોકાયેલા હતા અને કાયદા કાનૂની રજૂઆત થતાં કોર્ટે આ કેસમાં સંબંધકર્તા જુઠા અને યાર્ડને સકંજામાં લઈ યાર્ડની બદનામી થાય તથા સભ્યોની વગોવણી થાય તેવો કારસો રચી ફરિયાદ કરનાર ઈસમો સામે કોર્ટમાં એ.સી. વરીયાએ તથા તેમના અનુગામી વકીલ ઉર્વીશાજી. સાકરીયાની દલીલો તથા ઉલટ તપાસ ધ્યાને લઈ કોર્ટે આ કેસ ચાલવા પાત્ર જ ન હોય તેવી ત્વારીખી હકીકતની નોંધ લઈ સરકારનો કહેવાતો અને યાર્ડ સામે કાવતરૂ રચનાર ઈસમો સામેનો કેસ મુળ માંથી જ રદબાતલ કરી યાર્ડના તમામ સભ્યોને નિર્દોષ છોડી મુકેલ છે. યાર્ડની થયેલ બદનામી તથા યાર્ડના રહેલ તોલમાપ કાંટાના નુકસાન ભરપાઈ અંગે હવે યાર્ડ સંબંધકર્તા ઈસમો સામે કાનૂની લડત લડનાર હોવાનું એક યાદીમાં જાણવા મળેલ છે.

---

### સ્થાનિકોની પરેશાની દુર કરતી ઘટના

## સાવરકુંડલાનાં વોર્ડ નંબર ૭માં ગટરની ગંભીર સમસ્યાનું યુધ્ધનાં ધોરણે નિરાકરણ

**પાલિકા પ્રમુખનાં માર્ગદર્શનતળે ઉમદા કામગીરી**



સાવરકુંડલા, તા. ૪

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર પાંચમાં આવતા વિવિધ રહેણાંક વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ગટર ચોક-અપ થવાની વિકટ સમસ્યા સર્જાઈ હતી. લુહાર સોસાયટી પાસે આવેલી મુખ્ય ગટર લાઈનમાં મોટું ભંગાણ પડવાને કારણે ગંદા પાણી રસ્તાઓ પર વહેવા લાગ્યા હતા. જેના કારણે સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. જોકે નગરપાલિકાના સક્રિય સભ્યો અને તંત્રની ત્વરિત કામગીરીને કારણે આ પ્રશ્ન હવે હલ થયો છે.

વોર્ડ નંબર પાંચમાં આવેલી શિવ શકિત સોસાયટી, ચંદ્રમૌલિ સોસાયટી, ગણેશવાડી અને સહજાનંદ સોસાયટી જેવા વિસ્તારોમાં ગટરનાં પાણી રસ્તા પર ફરી વળ્યા હોવાની જાણ વોર્ડના કાઉન્સિલર અશોકભાઈ ખુમાણ તથા નગરપાલિકા સદસ્ય પતિ કરશનભાઈ આલને થઈ હતી. તેમણે પરિસ્થિતિની ગંભીરતા સમજી તુરંત જ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી તથા ચીફ ઓફિસર સમક્ષ રજૂઆત કરી હતી. જેના ફળસ્વરૂપે તંત્ર ધ્વારા યુધ્ધના ધોરણે કામગીરી શરૂ કરવાના આદેશો આપવામાં આવ્યા હતા.

લુહાર સોસાયટી પાસે મેઈન ગટર લાઈન લગભગ ૨૫ ફુટ જેટલી ઉંડાઈએ આવેલી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, આ પાઈપલાઈન તૂટી ગઈ હોવાથી આખા વિસ્તારમાં ગટરનાં પાણી બેક મારતા હતા. તૂટેલા જૂના પાઈપ કાઢીને નવા મજબુત પાઈપ નાખવામાં આવ્યા. કાઉન્સિલર અશોકભાઈ ખુમાણ અને કરશનભાઈ આલે સ્થળ પર હાજર રહીને સતત જહેમત ઉઠાવી કામગીરી પૂર્ણ કરાવી હતી. ગટરની લાઈન કાર્યરત થયાબાદ હવે વે ભાગમાં રોડ ખોદવામાં આવ્યો હતો, ત્યાં ફરીથી સિમેન્ટ વર્ક (સીસી રોડ) કરીને સમારકામ કરવાની ખાતરી આપવામાં આવી છે.

---

## ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૧૧ ફેબ્રુઆરીનાં રોજ ૨૮૭મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ તથા સર્વ રોગ કેમ્પ યોજાશે



ચલાલા, તા. ૪

ચલાલા-વિવિધ સેવાકીય કાર્યો કરનાર ચલાલાનાં યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર, ધારી રોડ ચલાલા ખાતે આગામી તા. ૧૧/૨/૨૦૨૬ બુધવારનાં રોજ ૨૮૭મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ સર્વરોગ કેમ્પનું આયોજન કરેલ છે. રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ તથા જિલ્લા અંધત્વ નિવારણ સમિતિનાં ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરની ટીમ સેવા આપશે.

સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણીની યાદમાં ભાયાણી પરિવાર યુ.કે.ના આર્થિક સહયોગથી યોજનાર આ કેમ્પમાં દર્દીઓની તપાસ કરી દવા આપવામાં આવશે અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ ફેકોમશીન ધ્વારા ઓપરેશન કરી વિનામૂલ્યે નેત્રયજ્ઞ મૂકી અદ્યતન સારવાર અને દવા આપવામાં આવશે.

---

## દામનગરમાં પ્રાથમિક શાળા નજીકથી ગંદકીને દુર કરો



દામનગર, તા. ૪

આપણું શહેર સ્વચ્છ શહેર, સ્વચ્છતા હિ સેવાના સૂત્રો દ્વારા લોકોમાં જાગૃતિ ફેલાવવાનો પ્રયાસ હોય છે. પ્રા. શાળા નંબર ૧ની દીવાલને અડીને આવેલ જાહેર મુતરડી અને અવેડાની નિયમિત સાફ સફાઈ કરવામાં આવે તેમજ આજુબાજુના વિસ્તારમાં પણ સફાઈ કરાવવામાં આવે તો વધુ અને સારૂ સ્વચ્છ થઈ શકે..!

---

# અમરેલીનાં કોંગી આગેવાનો સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાતે



અમરેલી ખોડલધામ ટ્રસ્ટનાં ટ્રસ્ટી જેનીબેન ઠુંમર, જિલ્લા કોંગ્રેસનાં પ્રમુખ પ્રતાપભાઈ દુધાત તથા અમરેલી જિલ્લા પરિવર્તન ટ્રસ્ટનાં પ્રમુખ શરદભાઈ ધાનાણીએ સારહિ યુથ કલબ ઓફ અમરેલી સંચાલીત સારહિ તપોવન આશ્રમની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ અવસરે સારહિ યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી ધ્વારા સંસ્થા ધ્વારા ચાલતી સેવાકીય પ્રવૃતિઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. જેમાં તપોવન આશ્રમ, સંસ્થા ધ્વારા સ્થાપતિ લેબોરેટરી, વિનામૂલ્યે ઉપલબ્ધ મેડિકલ સાધનો તથા વિવિધ સામાજિક અને આરોગ્યલક્ષી પ્રવૃતિઓ સમાવેશ થાય છે. મહેમાનોએ આશ્રમમાં નિવાસ કરતા રહેવાસી વૃધ્ધો (તપસ્વીઓ)ને રૂબરૂ મળી તેમના અનુભવો જાણ્યા તથા આશ્રમની મુલાકાત લીધી. સંસ્થાની સેવાભાવી કામગીરી અને પ્રગતિ અંગે સંતોષ વ્યકત કરતાં, સારહિ તપોવન આશ્રમમાં સ્વપ્નદ્રષ્ટા તથા પ્રમુખ મુકેશભાઈ સંઘાણી અને સમગ્ર સારહિ પરિવારને હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે સારહિ યુથ કલબ ઓફ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણી, ખજાનચી સુરેશભાઈ શેખવા, ચુંદુભાઈ રામાણી સહિત સંસ્થાના અન્ય પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સારહિ પરિવાર તરફથી ઉપસ્થિત તમામ મહાનુભાવોને તથા પદાધિકારીઓને હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# વિવિધ યોજનાઓ અંતર્ગત વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન

# અમરેલી જિલ્લાનાં મત્સ્ય ખેડૂતોને રૂપિયા ૮૮૪.૧૬ લાખની સહાય

**રાજ્ય સરકારની સહાય અને મત્સ્યખેડૂતોના પરિશ્રમથી ખુલી રહ્યા છે સાગરથી સમૃધ્ધિનાં દ્વાર**

**સરકારી સહાય જિલ્લાનાં મત્સ્યોદ્યોગ ક્ષેત્રે માચ્છીમારોનું સશક્તિકરણ**

**જિલ્લાનો ૬૨ કિ.મી.નો દરિયા કિનારો હોય મત્સ્યદ્યોગ ફુલી ફાલી રહ્યો છે**

**જાફરાબાદ, ધારાબંદર, શિયાળબેટ તથા ચાંચ બંદર મળી કુલ ૪ મત્સ્ય બંદર**






આલેખન : જય મિશ્રા-માહિતી કચેરી-અમરેલી

અમરેલી, તા. ૪

ગુજરાત રાજયને ૧,૬૦૦ કિમી લાંબો દરિયા કિનારાનું વરદાન પ્રાપ્ત થયું છે. જેમાંથી અમરેલી જિલ્લો ૬૨ કિ.મી.નો દરિયા કિનારો ધરાવે છે. અમરેલી જિલ્લામાં જાફરાબાદ, ધારાબંદર, શિયાળબેટ તથા ચાંચ બંદર આમ કુલ મળી ૪ મત્સ્ય બંદરોનો સમાવેશ થાય છે.

અમરેલી જિલ્લામાં દરિયાઈ મત્સ્યોદ્યોગ, આંતરદેશીય મત્સ્યોદ્યોગ તેમજ ભાંભરા પાણીના મત્સ્યોદ્યોગનો સમાવેશ થાય છે. અમરેલી જિલ્લાનું જાફરાબાદ બંદર, એ તેની 'બોમ્બે ડક' (બુમલા) માછલીની માચ્છીમારી માટે સમગ્ર ગુજરાતમાં જાણીતું છે. રાજ્ય સરકારની સહાય અને મત્સ્યખેડૂતોનો પરિશ્રમથી અમરેલી જિલ્લાના માચ્છીમારો માટે સાગરથી સમૃદ્ધિના દ્વાર ખૂલી રહ્યા છે.

જિલ્લાના મદદનીશ મત્સ્યોદ્યોગ નિયામકની કચેરીની માહિતી અનુસાર, અમરેલી જિલ્લા કચેરીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા જાફરાબાદ, શિયાળબેટ, ચાંચબંદર, નવાબંદર, સૈયદ રાજપરા તથા સિમર મત્સ્ય બંદરો/ઉતરણ કેન્દ્ર ખાતે નાની અને મોટી ૧૮૬૬ જેટલી માચ્છીમારી બોટો નોંધાયેલી છે. અમરેલી જિલ્લામાં ૩૩ જળાશયો છે, જેમાં સરકારના પ્રર્વતમાન નિયમો અનુસાર ઈજારા પેટે આપવામાં આવે છે. 'ડીઝલ વેટ રાહત યોજના' અંતર્ગત ૧૩૫૪ માચ્છીમારોને મહત્તમ રૂા. ૧૫ પ્રતિ લીટરની સહાયતા આપવામાં આવી છે. તથા 'કેરોસીન વેટ' રાહત યોજના અંતર્ગત માચ્છીમારોને રૂા. ૧૧૦ માચ્છીમારોને ૯.૫૯ લાખ વેટ રાહત ચૂકવવામાં આવી છે.

મત્સ્યદ્યોગ ખાતા દ્વારા માચ્છીમારોને વિવિધ પ્રકારની યોજનાકીય સહાયોનું ચૂકવણું કરવામાં આવે છે. જેમ કે, પગડીયા સહાય, જી.પી.એસ. સહાય, નવા એન્જીન ખરીદવા, નવા આઈસ પ્લાન્ટ, માછલી સપ્લાય કરવા રેફરીજરેટેડ વાન, ઓબીએમ/આઈબીએમ, પોલી પ્રોપોલીન રોપ, જમ્બો પ્લાસ્ટીક ક્રેટ, લાઈફ સેવિંગ જેકેટ અને ડીપ ફ્રીઝર જેવી વિવિધ યોજનાઓમાં કુલ ૮૦ માચ્છીમારી બોટોને રૂા. ૭૭.૧૭ લાખની સહાય વર્ષ ૨૦૨૪-૨૫માં ચૂકવવામાં આવી છે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અંતર્ગત માચ્છીમાર કિસાન ક્રેડિટ કાર્ડ સ્વરૂપે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૩૦ માચ્છીમાર બોટ માલિકોને રૂા. ૭૮૫.૪૦ લાખની લોન મંજૂર કરવામાં આવી છે. માચ્છીમાર જૂથ અકસ્માત યોજનાઅતર્ગત ૦૫ મૃત્તક માચ્છીમારના વારસદારોને રૂા. ૧૨.૦૦ લાખની સહાય ચુકવવામાં આવી છે. અમરેલી જિલ્લામાં માચ્છીમાર સહાયો પૈકી વર્ષ ૨૦૨૪-૨૫માં ૮૮૪.૧૬ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

ગુજરાત રાજયના ૧૦ મોટા બંદરોમાં જાફરાબાદ બંદરનો સમાવેશ કરવામાં આવે છે. મત્સ્યોદ્યોગની સહાયો મેળવવા માટે માચ્છીમારોએ મત્સ્યોદ્યોગના વિવિધ પોર્ટલ મારફત ઓનલાઈન અરજી કરવાથી સહાયની રકમ માચ્છીમારોના બેંક ખાતામાં સીધી જ જમા કરવામાં આવી રહી છે. હાલ મત્સ્યોદ્યોગ દ્વારા માચ્છીમારોને અપાતા ફિશીંગમાં જવાના ટોકન, ડીઝલ સબસીડી તથા માચ્છીમારીમાં ઉપયોગી સાધનોની સહાય તથા ફિશીંગ બોટના રજીસ્ટ્રેશન, લાયસન્સ જેવી તમામ સુવિધાઓ ઓનલાઈન માધ્યમથી માચ્છીમારોને પૂરી પાડવામાં આવી રહી છે.

## રાજુલા ખાતે ડીવાયએસપીની નિમણુંક કરવા માંગણી

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાનાં દરિયાકાંઠે આવેલા હેવી ઉદ્યોગની સલામતી માટે અને દરિયાઈ સુરક્ષા વધારવા સરકાર ધ્વારા અહીં ડી.વાય.એસ.પી.ની જગ્યા મંજૂર થયેલ છે. આ દરખાસ્ત છેલ્લા ૧૮ વર્ષથી માત્ર કાગળ પર હતી. હવે જયારે મંજૂરી મળેલ છે તો આ વિસ્તારના લોકોની માંગણી જે ડી.વાય.એસ.પી.ની નિમણુકથી માટે ની છે. તે સત્વરે પૂરી કરવા સરકાર વિચારે એ જરૂરી છે. નિમણુક સાથે રાજુલામાં મહત્વના સ્થળે નવી ઓફિસ સત્વરે બને અને સ્ટાફ કવાર્ટર માટે પૂરતું ફંડ મંજૂર થાય એ જરૂરી છે. અહીં પોલીસ ખાતા હસ્તક પૂરતી સરકારી જમીન ઉપલબ્ધ છે.

એ જ રીતે બાલાની વાવ ખાતે એસઆરપી ગૃપ અને મરીન કમાન્ડો સેન્ટરની ઓફિસ અને કોલોની બનાવવાની કામગીરી રહેલી પૂરી કરવા પણ લોકોની માંગણી છે.

ઉદ્યોગો ગૃહોએ બનાવેલ લુણસાપુરની પોલીસ ચોકી જે બિનવપરાશને લીધે ખરાબ થયેલ છે. તે અને કોવાયાનું આઉટ પોસ્ટ ખૂલું રહે અને તેમાં પોલીસ કે કંપનીનો સિક્યુરિટી સ્ટાફ ચોવીસ કલાક રહે તેવી લોકોની માંગણી છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન કેટરર્સ MAHAJAN
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

શું તમે હરસ.મસા. ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ બ્લુટૂથ ટેકનોલોજી AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ ક્વોલિટી વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

नए रिश्तों की शुरुआत, हीरो पे सवार
Hero
Exchange Offer ₹2500*
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Navnit Hero Mo. +91 92899 22254

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
GST BENEFIT ₹12,058* + INSURANCE BENEFIT UP TO ₹6,501*
THANK YOU, GST!
FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, ચામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શુદ્ધ ઘી નાં અડદીયા
મગડી ગુંદીનાં લાડુ
ગુલાબ જાંબુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

STOCK CLEARING Sell Offer
Discount 6500/- Discount 4000/- Discount 3500/- Discount 3500/-
પરીખ હોન્ડા

### ટ્રેડ ડીલ પર બોલ્યા શિવસેના (યુટીબી) સાંસદ સંજય રાઉત

# અમેરિકાએ આપણને ખરીદી લીધા, સરકાર બ્લેકમેલ થઈ ગઈ

## અમેરિકન પ્રમુખ ટ્રમ્પ સાથે જે ટ્રેડ ડીલ થઈ છે, જેનાથી આપણા દેશને લગભગ અમેરિકાના ચરણોમાં સમર્પિત કરી દીધો છે

નવી દિલ્હી, તા.૪

ભારત-અમેરિકા ટ્રેડ ડીલ પર શિવસેના (UBT) સાંસદ સંજય રાઉતે સવાલ ઉઠાવ્યા છે. સંજય રાઉતે કહ્યું કે, આ ડીલ હેઠળ અમેરિકાએ ભારતને ખરીદી લીધું છે. આ સાથે જ તેમણે કેન્દ્રીય મંત્રીઓ પર જૂઠું બોલવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, સરકારના લોકોને બ્લેકમેલ કરવામાં આવી રહ્યા છે. અને સરકાર બ્લેકમેલ થઈ ગઈ. સંજય રાઉતે ભારત-અમેરિકા ટ્રેડ ડીલને લઈને મોદી સરકાર પર નિશાન સાધ્યું છે. સંજય રાઉતે કહ્યું કે, આ દેશના તમામ કેન્દ્રીય મંત્રીઓ જૂઠું બોલી રહ્યા છે. જ્યારે પત્રકારોએ ટ્રેડ ડીલ પર કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલના નિવેદનનો ઉલ્લેખ કર્યો ત્યારે સંજય રાઉત ભડકી ગયા અને કહ્યું કે, પીયૂષ ગોયલ જૂઠું બોલી રહ્યા છે અને આ દેશના તમામ કેન્દ્રીય મંત્રીઓ જૂઠું બોલી રહ્યા છે. અમેરિકન પ્રમુખ ટ્રમ્પ સાથે જે ટ્રેડ ડીલ થઈ છે, જેનાથી આપણા દેશને લગભગ અમેરિકાના ચરણોમાં સમર્પિત કરી દીધો છે. અમેરકાએ આપણને ખરીદી લીધા છે. કહી રહ્યા છે કે, આ ખૂબ મોટો વિજય છે. કયો વિજય ભાઈ? તમે જણાવો. તમે આખા દેશમાં જશ્ન મનાવવાની વાત કરી રહ્યા છે. સંજય રાઉતે આગળ કહ્યું કે, ભારતે આજે પણ મોટો ટેરિફ ચૂકવવો પડી રહ્યો છે. રાજ્યસભા સાંસદે કહ્યું કે, ૧૮% ટેરિફ આજે પણ કાયમ છે, જે પહેલા લગભગ ૩% હતો. તેમ છતાં અમેરિકાના જે કૃષિ ઉત્પાદનો છે તે ઝીરો ટેરિફ પર ભારતના બજારમાં આવી જશે. જેમાં બધા અનાજ, ફૂલ, ફળ, દૂધ અને ડેરી પ્રોડક્ટ્સ હશે. આપણા ખેડૂતો લોહી-પરસેવો પાડીને જે માલ બનાવે છે, તેનાથી ઓછા ભાવમાં અમેરિકા પોતાનો માલ વેચશે. તો શું આપણા ખેડૂતો આત્મહત્યા કરશે? સંજય રાઉતે કહ્યું કે, કોઈ એક રહસ્યમયી રીતે અમારી સરકારને અમેરિકા દ્વારા બલેકમેલ કરવામાં આવી રહી છે. તે શું છે? જેમ કે કાલે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, એપ્સ્ટીન ફાઈલ્સ બાદ જે ટ્રેડ ડીલ અટકી હતી તેના પર હસ્તાક્ષર થઈ ગયા. તે ફાઈલની વિગતો આવવાની બાકી છે. તાત્કાલિક હસ્તાક્ષર થઈ ગયા. બ્રિટિશ જ્યારે અહીં આવ્યા હતા ત્યારે ટ્રેડ કરવા આવ્યા હતા અને ગુલામ બની ગયા. હવે આજે અહીંના સત્તાધિકારીઓએ પોતે અમેરિકાના ચરણોમાં જઈને આપણને ગુલામ બનાવ્યા કે, અમારી ફાઈલ ન ખોલો. આ દેશ માટે ખૂબ જ ખતરનાક છે. મોદી સરકારે દેશને લગભગ વેચી દીધો છે. વાણિજ્ય મંત્રી પિયુષ ગોયલે મંગળવારે કહ્યું કે ભારતે અમેરિકા સાથે સારા વેપાર સોદા પર સંમતિ દર્શાવી છે અને કૃષિ અને ડેરી ક્ષેત્રોના હિત સાથે કોઈ સમાધાન કરવામાં આવ્યું નથી. અમેરિકા સાથેના કરારની વિગતો આપ્યા વિના ગોયલે કહ્યું કે, વેપાર કરાર અંતિમ તબક્કામાં છે અને ટૂંક સમયમાં ભારત-અમેરિકા દ્વારા સંયુક્ત નિવેદન જારી કરવામાં આવશે. જેમાં કરારની રૂપરેખા સ્પષ્ટ કરવામાં આવશે.

### SIR પર મમતા બેનર્જીના આક્રમક તેવર

# ન્યાય બંધ બારણા પાછળ રડી રહ્યો છે : મમતા બેનર્જી

## મમતા બેનર્જીએ આ હીયરિંગમાં પોતે પક્ષ રજૂ કર્યો અને ચૂંટણી પંચને વોટ્સએપ કમિશન પણ ગણાવી દીધું હતું

નવી દિલ્હી, તા.૪

પશ્ચિમ બંગાળમાં SIR મામલે માહોલ ભારે ગરમાયેલો છે. રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને ચૂંટણી પંચ આમને સામને આવી ગયા છે. આ બધા વચ્ચે આજે દેશની સર્વોચ્ચ અદાલત સુપ્રીમ કોર્ટમાં જીંઇ અંગે સુનાવણી દરમિયાન રસપ્રદ માહોલ જોવા મળ્યો. સુનાવણીમાં રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી પોતે કોર્ટમાં હાજર છે અને આગળની પંક્તિમાં બેઠા છે. મમતા બેનર્જી તરફથી હાજર થયેલા એડવોકેટ શ્યામ દીવાને સુપ્રીમ કોર્ટ પાસે આ મામલે તત્કાળ દિશા નિર્દેશની માંગણી કરી.સુપ્રીમ કોર્ટમાં SIRની સુનાવણી પહેલા મમતા બેનર્જીએ એક નવી અરજી દાખલ કરી. જેમાં ચૂંટણી પંચને વોટર લિસ્ટમાંથી કોઈ પણ નામ હટાવતા રોકવા માટે કોર્ટને તરત દિશા નિર્દેશ આપવાની માંગણી કરી છે. અરજીમાં કહેવાયું છે કે પશ્ચિમ બંગાળ રાજ્યમાં ચાલી રહેલી એસઆઈઆર પ્રક્રિયા દરમિયાન મોટા પાયે મતદારોના નામ હટે તેવી આશંકા છે. અરજીમાં એમ પણ કહેવાયું છે કે ચૂંટણી પંચે લોકોની અરજીઓમાં મામૂલી ભૂલો માટે પણ અનેક લોકોને સર્ક્યુલર મોકલ્યા છે. મમતાએ ગુહાર લગાવી છે કે ૨૦૨૨ની વોટર લિસ્ટમાંથી કોઈનું પણ નામ ન હટે. મતદારોના હક ન છીનવાય.મમતા બેનર્જીએ સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દમરિયાન કહ્યું કે હું પોતે આ રાજ્યમાંથી છે અને હું એક્સપ્લેન કરી શકું છું. તેમણે કહ્યું કે અમને ન્યાય મળતો નથી. હું સામાન્ય પરિવારથી છું પરંતુ મારી પાર્ટી માટે લડી રહી છું. જેના પર સીજેઆઈએ કહ્યું કે પશ્ચિમ બંગાળ સરકાર પણ કેસ લડી રહી છે. સિબ્બલ-ગોપાલ જેવા લીગલ લોકો દલીલો કરે છે. જેના પર મમતાએ કહ્યું કે જ્યારે વકીલ શરૂથી લડતા હોય, રેકોર્ડ પર વારંવાર વાતો રજૂ થતી હોય, છવાર ચૂંટણી પંચને લખવામાંઆવ્યું હોય ને એકવાર પણ જવાબ ન મળે ત્યારે મહેસૂસ થવું સ્વાભાવિક છે કે ન્યાય ક્યાંક પાછલા બારણે અટકી ગયો છે. મને પાંચ મિનિટ આપો. જેના પર સીજેઆઈ કહે છે કે અમને કોઈ સમસ્યા નથી. અમે ૧૫ મિનિટ આપીશું પરંતુ પહેલા અમારી વાત સાંભળો.ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાએ કહ્યું કે દરેક સમસ્યાનું સમાધાન હોય છે. આ સમસ્યાનો પણ ઉકેલ લાવીશું. તમારી રાજ્ય સરકાર પણ હાજર છે. તમારી પાર્ટી પણ અહીં છે. તમારી પાસે દેશના સૌથી વરિષ્ઠ વકીલો છે. તમે તમારા તરફથી ઉઠાવવામાં આવેલી સમસ્યાઓ સ્વીકારી છે- તે રેકોર્ડ પર છે, પરંતુ દરેક સમસ્યાનું સમાધાન હોય છે. જેના પર મમતાએ કહ્યું કે પહેલા મને બોલવાની અને પૂરું કરવાની મંજૂરી આપો. હું કેટલીક તસવીરો દેખાડવા માંગુ છું. બધા બંગાળી છાપાઓમાં છપાયું છે. અમે ઈચ્છીએ છીએ કે સમસ્યાનું સમાધાન નીકળે. અમે અમારી જવાબદારીથી પાછળ હટીશું નહીં. અમે એ વાતથી સહમત છીએ કે મમતા બેનર્જી દ્વારા ઉઠાવવામાં આવેલો મુદ્દો વાસ્તવિક છે. ભાષા સંબંધિત સમસ્સયાઓ કે નામના ઉચ્ચારમાં અંતરના કારણે કોઈ મતદારનું નામ હટે એવું અમે પણ નથી ઈચ્છતા.

### જવાબ મળ્યો- દેશના દુશ્મન

# રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રીને કહ્યા "ગદ્દાર દોસ્ત"

## રાહુલ ગાંધી અને કેન્દ્રીય મંત્રી રવનીતસિંહ બીટ્ટુ વચ્ચે જે શાબ્દિક ટપાટપી થઈ તેનો વીડિયો પણ વાયરલ થયો

નવી દિલ્હી, તા.૪

સંસદમાં આજે પણ હંગામાનું વાતાવરણ જોવા મળ્યું. જો કે બજેટ સત્ર દરમિયાન આજે કઈક એવું જોવા મળ્યું જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રીને ગદ્દાર દોસ્ત કહી દીધુ તો તરત જ જવાબ મળ્યો દેશના દુશ્મન. વાત જાણે એમ હતી કે સંસદના મકર દ્વાર પર કોંગ્રેસના સાંસદો હાથમાં બેનર લઈને દેખાવ કરી રહ્યા હતા. અચાનક ત્યાંથી કેન્દ્રીય મંત્રી રવનીતસિંહ બિટ્ટુ પસાર થયા તો રાહુલ ગાંધીએ કેન્દ્રીય મંત્રી તરફ ઈશારો કરીને ટિપ્પણી કરી. તેમણે હાથ મિલાવવાની રજૂઆત કરતા કહ્યું કે નમસ્કાર ભાઈ, મારા ગદ્દાર દોસ્ત, ચિંતા ન કર, તમે પાછા કોંગ્રેસમાં આવી જશો. રાહુલ ગાંધીની આ ટિપ્પણી બાદ માહોલ ગરમાઈ ગયો. રાહુલ ગાંધીએ જે ગદ્દાર મિત્રવાળી ટિપ્પણી કરી તેનો તરત જ તેમને રવનીતસિંહ બિટ્ટુએ જવાબ આપ્યો. રાહુલ ગાંધી જ્યારે હાથ મિલાવવા માટે આવ્યા તો હાથ મિલાવવાની ના પાડી દીધી અને પલટવાર કરીને કહ્યું કે દેશના દુશ્મન....આ સમગ્ર ઘટનાક્રમ બાદ રાજકીય માહોલ ગરમાયો છે. રવનીતસિંહ બીટ્ટુ ત્રણવાર કોંગ્રેસમાંથી સાંસદ રહી ચૂક્યા છે. તેઓ પહેલીવાર ૨૦૦૯માં આનંદપુર સાહિબ લોકસભામાંથી ચૂંટાયા હતા. ત્યારબાદ ૨૦૧૪ અને ૨૦૧૯માં લુધિયાણાથી જીત્યા હતા. ખાલિસ્તાન સમર્થક કટ્ટરપંથી અવાજના પ્રખર વિરોધી ગણાતા બિટ્ટુ ૨૦૨૪માં થયેલી લોકસભા ચૂંટણી પહેલા જ ભાજપમાં જોડાયા હતા. જો કે ચૂંટણીમાં તેઓ લુધિયાણાથી પંજાબ કોંગ્રેસ પ્રમુખ અમરિંદર સિંહ રાજા વારિંગથી લગભગ ૨૦ હજાર મતથી હારી ગયા. ચૂંટણી હારવા છતાં કેન્દ્ર સરકારમાં તેમને મંત્રી બનાવવામાં આવ્યા. રેલ તથા ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ રાજ્ય મંત્રીની જવાબદારી સોંપાઈ. બીટ્ટુના પરિવારની વાત કરીએ તો તેઓ માત્ર ૧૧ વર્ષના હતા અને પિતાનું નિધન થયું હતું. ત્યારબાદ ૨૦ વર્ષની ઉંમરમાં તેમણે દાદા અને પંજાબ ના પૂર્વ મુખ્યમંત્રી બેઅંત સિંહને પણ ગુમાવ્યા. જેમની ૩૧ ઓગસ્ટ ૧૯૯૫ના રોજ ચંડીગઢમાં ખાલિસ્તાન સમર્થક આતંકીઓએ હત્યા કરી હતી. ૨૦૦૭માં રાહુલ ગાંધી સાથે મુલાકાત બાદ તેમણે રાજકારણમાં ડગ માંડ્યા હતા.

### ગુજરાતના મહેસુલ વિભાગનો મોટો નિર્ણય

# હવે દસ્તાવેજના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યો

## ડિજિટલ ગુજરાતના અભિયાન હેઠળ ઇ-રજીસ્ટ્રેશનને પ્રોત્સાહન મળી રહ્યું છે ત્યારે આ નવી ફી વ્યવસ્થા પ્રક્રિયાને વધુ વ્યવસ્થિત બનાવશે

ગાંધીનગર, તા.૪

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્વારા વહીવટી પ્રક્રિયાને વધુ સુદ્રઢ અને પારદર્શક બનાવવા માટે એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં વધી રહેલા ઈ-રજીસ્ટ્રેશન (e-Registration) ના વ્યાપને ધ્યાનમાં રાખીને હવે દરેક દસ્તાવેજ દીઠ પ્રોસેસિંગ ફી વસૂલવાનું નક્કી કરવામાં આવ્યું છે.

અત્યાર સુધી ઈ-રજીસ્ટ્રેશનની પ્રક્રિયામાં ફીના માળખામાં કેટલાક ફેરફારો વિચારાધીન હતા, પરંતુ હવે મહેસૂલ વિભાગે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે ઈ-રજીસ્ટ્રેશન દ્વારા નોંધણી કરાવવામાં આવતા દરેક દસ્તાવેજ પર હવે પ્રોસેસિંગ ફી લાગુ થશે.

દસ્તાવેજ દીઠ રૂ.૧૦૦ રૂપિયા પ્રોસેસિંગ ફી તરીકે ચૂકવવાના રહેશે. આ ફીનો મુખ્ય હેતુ ઓનલાઈન રજીસ્ટ્રેશન પોર્ટલની જાળવણી અને ટેકનિકલ સુવિધાઓને વધુ બહેતર બનાવવાનો છે.

મિલકતની ખરીદ-વેચાણ કે અન્ય કરારોના ઓનલાઈન રજીસ્ટ્રેશન સમયે હવે અરજદારે નિયત સ્ટેમ્પ ડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી ઉપરાંત આ રૂ.૧૦૦ રૂપિયાની વધારાની પ્રોસેસિંગ ફી ભરવી પડશે. જોકે, આ રકમ નજીવી હોવાથી સામાન્ય જનતા પર મોટો આર્થિક બોજ નહીં પડે, પરંતુ વહીવટી દ્રષ્ટિએ આ એક મોટો ફેરફાર માનવામાં આવી રહ્યો છે.

### સોના અને ચાંદીના ભાવમાં ફરી તેજી જોવા મળી

# સોના અને ચાંદીના ભાવમાં ત્રણ દિવસથી ચાલી રહેલા ઘટાડાને આખરે બ્રેક લાગી

## સોના અને ચાંદીમાં જોરદાર ખરીદી જોવા મળી રહી છે

નવી દિલ્હી, તા.૪

સોના અને ચાંદીના ભાવમાં ત્રણ દિવસથી ચાલી રહેલા ઘટાડાને આખરે બ્રેક લાગી છે. સોના અને ચાંદી બંનેમાં જોરદાર ખરીદી જોવા મળી રહી છે, જેના કારણે MCX પર સોના અને ચાંદીના ભાવમાં ફરી તેજી જોવા મળી રહી છે. આજે ૪ ફેબ્રુઆરીએ સોનાના ભાવમાં ૩% થી વધુ અને ચાંદીમાં ૫% નો વધારો થયો છે. MCX પર તાજેતરમાં રિકવરી આવી હોવા છતાં સોના અને ચાંદી હજુ પણ ૨૯ જાન્યુઆરીના રેકોર્ડ હાઈ લેવલ કરતાં નોંધપાત્ર રીતે સસ્તા છે. રોકાણકારો પાસે સોદાબાજીના ભાવે ખરીદી કરવાની તક છે.આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાના ભાવ ૨.૩૫ પ્રતિશત (૧૧૬.૨૪ ડૉલર) ની તેજી સાથે ૫૦૫૪.૭૫ ડૉલર પ્રતિ ઔંસના ભાવ પર ટ્રેડ કરી રહ્યો છે. જ્યારે બીજી તરફ ચાંદી પણ ૨.૬૧ પ્રતિશત (૨.૨૨ ડૉલર) વધીને ૮૭.૩૩ ડૉલર રેટ પર ટ્રેડ કરી રહી છે. દિલ્હી બુલિયન માર્કેટમાં સોના અને ચાંદીના ભાવમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, મંગળવારે ચાંદીના ભાવ ૨૪૦૦૦રૂપિયા (૯.૨૩ ટકા) વધીને ૨,૮૪,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થયા હતા. સોમવારે ૫૨,૦૦૦ રૂપિયાના ઘટાડા બાદ તે ૨,૬૦,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર બંધ થયા હતા. ૨૯ જાન્યુઆરીએ, બુલિયન માર્કેટમાં ચાંદીના ભાવ ૪,૦૪,૫૦૦ રૂપિયા પ્રતિ કિલોગ્રામના સર્વકાલીન ઉચ્ચતમ સ્તર પર પહોંચી ગયા હતા. પ્રતિ કિલોગ્રામ રૂ.૪,૦૪,૫૦૦ ના ઓલ ટાઈમ હાઈ લેવલ પર પહોંચ્યા પછી, ત્રણ દિવસમાં તેની કિંમત રૂ.૧,૪૪,૫૦૦ અથવા લગભગ ૩૬ ટકા ઘટી ગઈ.

ચાંદી ઉપરાંત, મંગળવારે દિલ્હી બુલિયન બજારમાં સોનાના ભાવ પણ રૂ.૫,૦૦૦ (૩.૩ ટકા) વધીને રૂ.૧,૫૭,૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થયા, જે સોમવારે રૂ.૧,૫૨,૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામના બંધ ભાવથી બંધ થયા હતા. ૨૯ જાન્યુઆરીએ સોનું પ્રતિ ૧૦ ગ્રામ રૂ.૧,૮૩,૦૦૦ની સર્વકાલીન ઉચ્ચતમ સપાટીએ પહોંચ્યું હતું, જ્યાંથી તે રૂ.૩૦,૩૦૦ અથવા લગભગ ૧૭ ટકા ઘટ્યું હતું. ત્રણ દિવસના ઘટાડા દરમિયાન ચાંદીના ભાવ સોના કરતા બમણાથી વધુ ઘટ્યા હતા. જો તમે આજે સોના અને ચાંદી ખરીદવા અથવા રોકાણ કરવાનું વિચારી રહ્યા છો તો સોના અને ચાંદીના લેટેસ્ટ ભાવો પર નજર રાખવી મહત્વપૂર્ણ છે. સોના અને ચાંદીના ભાવમાં તાજેતરના વધઘટને પગલે મુખ્ય વૈશ્વિક બેંકો અને નિષ્ણાતોએ ૨૦૨૬ ના અંત સુધીના વર્ષ માટે બોલ્ડ અંદાજો જારી કર્યા છે.

રેકોર્ડ ઉચ્ચ સ્તરથી ઘટાડાને સ્વસ્થ કરેક્શન માનવામાં આવી રહ્યો છે, ત્યારે મુખ્ય નાણાકીય સંસ્થાઓએ ભવિષ્યમાં ભાવ આસમાને પહોંચવાની આગાહી કરી છે.

### US ડીલ પર લોકસભામાં બોલ્યા પીયુષ ગોયલ

# કૃષિ અને ડેરીમાં ભારતના હિત સુરક્ષિત : કેન્દ્રીય મંત્રી

## સત્રમાં વિપક્ષના હોબાળા વચ્ચે કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે લોકસભામાં અમેરિકા સાથે થયેલી ટ્રેડ ડીલ પર માહિતી આપી

નવી દિલ્હી, તા.૪

ભારત અને અમેરિકા વચ્ચે થયેલી ટ્રેડ ડીલ પર કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે લોકસભામાં નિવેદન આપ્યું છે. કેન્દ્રીય વાણિજ્ય મંત્રીએ કહ્યુ કે પીએમ મોદીના ફેબ્રુઆરી ૨૦૨૫ના અમેરિકાના પ્રવાસ બાદ બંને પક્ષોના વાર્તાકારોએ ગંભીર ચર્ચા કરી. ભારતીય પક્ષ પોતાના સંવેદનશીલ પક્ષોની રક્ષા કરવામાં સફળ રહ્યો. પીએમ મોદીએ ઘણીવાર ટ્રમ્પ સાથે વાતચીત કરી. ત્યારબાદ અમેરિકાએ ભારત પર ટેરિફ ૫૦ ટકાથી ઘટાડી ૧૮ ટકા કરી દીધો છે. આ ટેરિફ દર ઘણા દેશો પર લાગેલા ટેરિફથી ઓછો છે. કૃષિ અને ડેરી ક્ષેત્રમાં આપણે ભારતના હિતને સુરક્ષિત રાખવામાં સફળ રહ્યાં છીએ.કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલે લોકસભામાં કહ્યુ કે ભારત અને અમેરિકા એકબીજાની પૂરક અર્થવ્યવસ્થા છે. અમેરિકા ડેટા, ઉર્ચાના ક્ષેત્રમાં અગ્રણી દેશ છે અને આપણે આ ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રીત કરવું જરૂરી છે. ઘણા ક્ષેત્રોમાં ભારતની નિકાસ અમેરિકામાં ખૂબ વધશે. વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા સાથે આ સમજુતિ નવાચારને ગતિ પ્રદાન કરશે. આ ભારતના હિતમાં છે અને દેશને ખૂબ લાભ થશે. સાંસદોના હંગામા વચ્ચે કેન્દ્રીય વાણિજ્ય તથા ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલે કહ્યુ- પીએમ મોદીની ફેબ્રુઆરી ૨૦૨૫ની અમેરિકાની યાત્રા બાદ ભારત અને અમેરિકા વચ્ચે સંતુલિત, પરસ્પર રૂપથી, લાભકારી અને દ્વિપક્ષીય ટ્રેડ ડીલ કરવાને લઈને સતત અને નિયમિત ચર્ચા થતી રહી છે. પાછલા વર્ષે બંને પક્ષોની વાતચીત કરનારે અલગ-અલગ સ્તર પર વિસ્તારથી ચર્ચા કરી.તેમણે કહ્યું- વાતચીત દરમિયાન બંને પક્ષોના જરૂરી હિતોને ધ્યાનમાં રાખતા, તે સ્વાભાવિક છે કે બંને પક્ષ પોત-પોતાના જરૂરી અને સંવેદનશીલ ક્ષેત્રોની સુરક્ષા કરવા ઈચ્છશે અને સૌથી સારૂ પરિણામ લાવવા પણ ઈચ્છશે. આપસી વાતચીત દરમિયાન ભારતીય પક્ષે પોતાના સંવેનદશીલ ક્ષેત્રો, ખાસ કરી કૃષિ અને ડેરીના હિતોની રક્ષા કરવામાં સફળ રહ્યું. એક વર્ષની વાતચીત બાદ બંને પક્ષ દ્વિપક્ષીય વ્યાપાર સમજુતિના વિવિધ ક્ષેત્રોને અંતિમ રૂપ આપવામાં સફળ રહ્યાં છે.

# ભારત અમારી પાસેથી ઓઇલ નહીં ખરીદે તેવું કોઈ નિવેદન નથી આપ્યું : રશિયા

## ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું છે કે, ભારતે હજુ સુધી અમને એવી કોઈ સત્તાવાર જાણકારી નથી કે હવે તેઓ રશિયાથી ઓઇલ ખરીદવાનું બંધ કરી દેશે

નવી દિલ્હી,તા.૩

મહિનાઓ સુધી વાટાઘાટો બાદ ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ છે. અમેરિકાએ ભારત પરનો ટૅરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. ટ્રેડ ડીલની જાહેરાત સમયે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો હતો કે ભારતે અમેરિકાને ખાતરી આપી છે કે તે હવે રશિયા પાસેથી ઓઈલ નહીં ખરીદે. આ મામલે હવે રશિયાએ મોટું નિવેદન આપ્યું છે.મંગળવારે રશિયાના રાષ્ટ્રપ્રમુખના કાર્યાલય ક્રેમલિન દ્વારા ઓઈલ મુદ્દે મોટું નિવેદન આપવામાં આવ્યું. ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું છે કે, ભારતે હજુ સુધી અમને એવી કોઈ સત્તાવાર જાણકારી નથી કે હવે તેઓ રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીત કરી. જે બાદ બંને નેતાઓએ સોશિયલ મીડિયા પર ટ્રેડ ડીલ અંગે જાહેરાત કરી. જોકે આ જાહેરાતમાં ડોનાલ્ડ ટ્રમ્પે ૨ એવી જાહેરાત કરી છે જેને લઈને ચિંતા વધી હતી. આ મામલે ભારત સરકારે હજુ સુધી કોઈ સ્પષ્ટતા આપી નથી. અમેરિકાએ ભારત પરનો ટૅરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. આ સિવાય તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટૅરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડૉલરની વસ્તુઓ ભારતમાં વેચાશે.ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહીં ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

### "તાર ફેન્સિંગ યોજના" અન્વયે પૂર્વમંજૂરી મેળવી છે તેવા

# લાભાર્થીઓએ નિયત સમય મર્યાદામાં કલેઇમ રજૂ કરવા

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં જિલ્લા ખેતીવાડી શાખાની "તાર ફેન્સિંગ યોજના" અન્વયે પૂર્વમંજૂરી મેળવી છે તેવા તમામ લાભાર્થીઓએ નિયત સમયમર્યાદામાં કલેઈમ રજૂ કરવા.તાર ફેન્સિંગ યોજનામાં તા.૧/૧૦/૨૦૨૫ થી તા.૩/૧૧/૨૦૨૫ સુધીમાં ૨૮૬ લાભાર્થીઓને પૂર્વમંજૂરી આપવામાં આવી છે. નિયત ડિઝાઈન અને સ્પેસિફિકેશન ઠરાવની શરતો મુજબ તાર ફેન્સિંગ બનાવવાની સંપૂર્ણ કામગીરી દિન–૬૦માં પૂર્ણ કરી સામાન ખરીદીના જી.એસ.ટી. વાળા પાકા અસલ બિલ અને અન્ય જરૂરી દસ્તાવેજો સહિત જરૂરી તમામ સાધનિક કાગળો સંબંધિત જે–તે તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) તેમજ ગ્રામસેવકને જમા કરાવવા. વધુમાં સરકારના નીતિ નિયમોનુસાર તા.૩૧/૧/૨૦૨૬ સુધીમાં જિલ્લાકક્ષાએ નિયત સમયમર્યાદામાં કલેઈમ રજૂ કરવામાં નહિ આવે તો તાર ફેન્સિંગ યોજનામાં સહાય મેળવવા માંગતા નથી તેવું માનીને આ અંગેની પૂર્વમંજૂરી અને અરજીને દફતરે (ફાઈલે) કરવામાં આવશે. તાર ફેન્સિંગ યોજનામાં પૂર્વ મંજૂરી મેળવી હોય તેવા તમામ ખેડુતોને તે બાબતની નોંધ લેવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### આ દેશના બંધારણનું પાલન કરવું પડશે : સુપ્રીમ

# પ્રાઇવસીનો ભંગ કરવો હોય તો ભારત છોડો : વોટ્સએપને સુપ્રીમ ચેતવણી

## વોટ્સએપ પર ડોક્ટરની સલાહ લઇએ ત્યાં સોશિયલ મીડિયા પર દવાના વીડિયો કે જાહેરાતો દેખાવા લાગે છે : મુખ્ય ન્યાયાધીશ

નવી દિલ્હી, તા.૪

લોકોના દૈનિક જીવનમાં વણાઈ ગયેલી મેસેજિંગ એપ્લિકેશન વોટ્સએપ અને તેની કંપની મેટાનો ભારતની સુપ્રીમ કોર્ટે પ્રાઈવસી મુદ્દે ઉધડો લીધો હતો. પોતાની નક્કી કરાયેલી ચોક્કસ જાહેરાતોના હેતુ માટે લોકોના ડેટાને શેર કરવા બદલ સુપ્રીમ કોર્ટે વોટ્સએપને કહ્યું હતું કે એક સિંગલ ડિજિટ ડેટા પણ શેર કરવા નહીં દઈએ, તમે લોકોની પ્રાઈવેસી સાથે રમત ના રમી શકો, જો તમે અમારા બંધારણને અનુસરી શકો તેમ ના હોય તો પછી ભારત છોડી દો, પરંતુ અમે નાગરિકોની પ્રાઈવસી સાથે બાંધછોડ નહીં થવા દઈએ.અમેરિકાની કંપની મેટા અને વોટ્સએપની પોલિસીની જટિલતા પર સવાલ ઉઠાવતા સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે કહ્યું હતું કે તમારી કેટલીક પોલિસી એવી છે કે જેને સમજવામાં અમને પણ મુશ્કેલી આવી રહી છે ત્યારે બિહાર કે તમિલનાડુના ગ્રામીણ વિસ્તારનો એક આમ નાગરીક, ફેરિયા કે અન્ય લોકો તમારી આ જટિલ પોલિસીને કેવી રીતે સમજી શકશે? ખરેખર આ પ્રકારની નીતિઓ લોકોની અંગત માહિતીની ચોરી કરવા માટેનો એક રસ્તો છે, જેને અમે નહીં ચલાવીએ.પોતાના કેટલાક અનુભવોના આધારે મુખ્ય ન્યાયાધીશે કહ્યું હતું કે વોટ્સએપ પર ડોક્ટર જ્યારે કોઈ દવા લખી આપે છે અને તેને તમે વાંચો છો તેના થોડા જ સમયમાં તમને દવાની જાહેરાતો દેખાવા લાગશે, ઈમેલ આવવા લાગે છે અને યુટયુબ પર કેવી દવા લેવી તેના વીડિયો દેખાવા લાગે છે.સુપ્રીમના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગ્ચી અને વિપુલ એમ પંચોલીની બેંચ દ્વારા વોટ્સએપ, મેટા, સીસીઆઈ (કોમ્પિટિશન કમિશન ઓફ ઈન્ડિયા) દ્વારા નેશનલ કંપની લો એપેલન્ટ ટ્રિબ્યૂનલ સામેના ગયા વર્ષના ચુકાદા સામે થયેલી અરજીઓની સુનાવણી કરી રહી છે. ટ્રિબ્યૂનલે વોટ્સએપની ૨૦૨૧ની પ્રાઈવસી પોલિસી મુદ્દે સીસીઆઈ દ્વારા ફટકારેલી ૨૧૩.૧૪ કરોડ રૂપિયાની પેનલ્ટી યોગ્ય ઠેરવી હતી. જેની સામે આ કંપનીઓ સુપ્રીમ કોર્ટમાં પહોંચી છે. વોટ્સએપએ એવી દલીલ કરી હતી કે વોટ્સએપ સંપૂર્ણ ફ્રી સર્વિસ છે, આ દલિલોને પણ સુપ્રીમે ફગાવી હતી અને જવાબમાં કહ્યું હતું કે વોટ્સએપ યૂઝર્સ ડેટા તરીકે ચાર્જ ચુકવે છે, યૂઝર્સના ઈન્ટરનેટ ડેટા તમારી પ્રોડક્ટ (વોટ્સએપ)નો છૂપો ચાર્જ છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બાગ્ચીએ કહ્યું હતું કે અમે એ ચકાસણી કરીશું કે વોટ્સએપ કેવી રીતે ડેટાને રેન્ટ પર આપે છે અને જાહેરાતો માટે કેવી રીતે લોકોને નિશાન બનાવે છે.

### શરદ પવારનું સૂચક નિવેદન

# ફડણવીસને NCPના વિલય પર બોલવાનો અધિકાર નથી

## બારામતીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કૌટુંબિક અને રાજકીય મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી

બારામતી, તા.૪

મહારાષ્ટ્રમાં સુનેત્રા પવારે નાયબ મુખ્યમંત્રી (ડેપ્યુટી સીએમ) પદના શપથ લીધા બાદ NCP પ્રમુખ શરદ પવારે પ્રથમ વખત મૌન તોડ્યું છે. બુધવારે બારામતીમાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં તેમણે કૌટુંબિક અને રાજકીય મુદ્દાઓ પર ખુલીને વાત કરી હતી.

શરદ પવારે સુનેત્રા પવારના મંત્રીમંડળમાં પ્રવેશ અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, "મને ખુશી છે કે સુનેત્રા પવારને તક મળી અને તેમની શપથ વિધિ સંપન્ન થઈ, આ આનંદની વાત છે." જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ આ વિષય પર કોઈ રાજકીય ટિપ્પણી કરવા માંગતા નથી, પરંતુ વ્યક્તિગત રીતે તેમને આ ઘટનાક્રમથી આનંદ થયો છે.

NCPના બંને જૂથોના વિલય અંગે ચાલી રહેલી ચર્ચાઓ પર શરદ પવારે મોટું નિવેદન આપ્યું હતું. સીએમ પર નિશાન સાધતા શરદ પવારે કહ્યું કે, વિલય અંગેની વાતચીત અજિત પવાર અને જયંત પાટીલ વચ્ચે ચાલી રહી હતી. આ પ્રક્રિયામાં દેવેન્દ્ર ફડણવીસ ક્યાંય સામેલ નહોતા, તેથી આ મુદ્દે ટિપ્પણી કરવાનો તેમને કોઈ અધિકાર નથી. આ ઉપરાંત તેમણે ઉમેર્યું કે, મુખ્યમંત્રીને બંને NCPના વિલય અંગે નિવેદન આપવાનો કોઈ નૈતિક અધિકાર નથી.

બજેટ અને સંસદ અંગે વાત કરતા શરદ પવારે સ્વાસ્થ્ય અને દેશના આર્થિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. તેમણે ભાવુક થતા કહ્યું કે, "છેલ્લા ૫૮ વર્ષમાં એવું ક્યારેય નથી બન્યું કે હું સંસદમાં હાજર ન હોઉં, પરંતુ આ વખતે સ્વાસ્થ્યના કારણોસર હું બજેટ ભાષણ સાંભળવા જઈ શક્યો નથી." આ ઉપરાંત ભારત-અમેરિકા ટ્રેડ ડીલ અંગે તેમણે કહ્યું કે આગામી બે દિવસમાં તેની સ્પષ્ટ તસવીર સામે આવશે.

અજિત પવારનું સ્મારક: અજિત પવારના સ્મારક અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું કે તેમને આ વિશે કોઈ માહિતી નથી.

સીમા વિવાદ: પૂર્વ સેના પ્રમુખ મનોજ નરવણેના પુસ્તકનો ઉલ્લેખ કરતા પવારે જણાવ્યું કે ભારત-ચીન સંબંધો અને સીમા વિવાદ જેવા ગંભીર મુદ્દાઓ પર સંસદમાં ચર્ચા થવી જોઈતી હતી.

### બંધારણનો ભંગ કરવા બદલ કડક નિર્ણય

# ઠાકોર સમાજે લોકગાયક ગબ્બર અને અર્જુન ઠાકોરને નાત બહાર કર્યા

**સમાજના બંધારણના ભંગ બદલ ૩ લોકોને ૧ વર્ષ માટે બહિષ્કૃત કરાયા; સોશિયલ મીડિયા પર 'અનફોલો' કરવા અને આર્થિક વ્યવહાર ન રાખવા આદેશ**

અમદાવાદ,તા.૪

ઉત્તર ગુજરાતમાં લોકપ્રિય એવા 'લોકગાયક'ગબ્બર ઠાકોર અને અર્જુન ઠાકોર માટે મુશ્કેલી ઊભી થઈ છે. ડીસા તાલુકાના જાબડીયા ગામે ઠાકોર સમાજના આગેવાનોની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી, જેમાં સમાજના 'બંધારણ' નો ભંગ કરવા બદલ કડક નિર્ણય લેવામાં આવ્યો છે. લગ્ન પ્રસંગે ડીજે વગાડવાના વિવાદમાં સમાજે આ બંને ગાયકો સહિત કુલ ૩ લોકોને એક વર્ષ માટે 'સમાજ બહાર' મૂકવાનો આદેશ આપ્યો છે.રવિવારે મળેલી આ હાઈ-વોલ્ટેજ બેઠકમાં સમાજના આગેવાનોએ સર્વાનુમતે નક્કી કર્યું છે કે આ ત્રણેય દોષિતો સાથે કોઈ પણ પ્રકારનો સામાજિક, આર્થિક કે ધંધાકીય વ્યવહાર રાખવામાં આવશે નહીં. આ બહિષ્કારનો સમયગાળો '૧ વર્ષ' રહેશે. એટલું જ નહીં, સમાજે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો કોઈ વ્યક્તિ આ દોષિતોને મદદ કરશે કે સાથ-સહકાર આપશે, તો તેમને પણ દોષિત ગણીને દંડ કરવામાં આવશે.આ વખતે સમાજે ભૌતિક બહિષ્કારની સાથે 'ડિજિટલ સ્ટ્રાઈક' પણ કરી છે. આગેવાનોએ સમાજના યુવાનોને અપીલ કરી છે કે આ કલાકારોને વિવિધ 'સોશિયલ મીડિયા' પ્લેટફોર્મ પરથી પણ તાત્કાલિક અસરથી 'અનફોલો'કરી દેવામાં આવે, જેથી તેમનો ડિજિટલ પ્રભાવ પણ ઓછો કરી શકાય અને સમાજનો વિરોધ નોંધાવી શકાય.આ સમગ્ર વિવાદના મૂળમાં લગ્ન પ્રસંગે થયેલો ખર્ચ અને નિયમભંગ છે. આરોપ છે કે આ ગાયકોના પરિવારમાં યોજાયેલા લગ્ન પ્રસંગે 'વરઘોડા' માં ડીજે વગાડીને સમાજના નિયમો તોડવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૪૨ ગોળ ઠાકોર સમાજના નિયમો મુજબ ખોટો ખર્ચ અટકાવવા માટે ડીજે અને ફટાકડા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.આ નિર્ણય પહેલા ગબ્બર ઠાકોરે મીડિયા સમક્ષ પોતાની સ્પષ્ટતા રજૂ કરી હતી. તેમણે તર્ક આપ્યો હતો કે, "અમે જાનમાં ડીજે લઈ ગયા ન હતા, માત્ર ઘરે વગાડ્યું હતું જેની બંધારણમાં છૂટ છે." તેમણે આક્રોશ વ્યક્ત કરતા કહ્યું હતું કે, "જ્યારે ૧૫૦ મકાનો તૂટ્યા ત્યારે કોઈ ન બોલ્યું, અને 'દારૂ'જેવી બદીઓ સામે લડવાને બદલે માત્ર ડીજેના નામે અમને ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે."બીજી તરફ, અર્જુન ઠાકોરે પણ ભાવુક થઈને પ્રતિક્રિયા આપી હતી. તેમણે કહ્યું હતું કે, "સમાજ અમારા મા-બાપ સમાન છે અને અમે તેની વિરુદ્ધ જઈ શકીએ નહીં. પરંતુ આજે બધે જ લાઈવ ડીજે ચાલે છે, તો માત્ર અમારો જ વાંક કેમ કાઢવામાં આવે છે?" તેમ છતાં, સમાજે હાલ પૂરતું તેમનું આ વર્તન સાંખી લીધું નથી.હાલ પૂરતું આ ત્રણેય લોકોને સમાજમાંથી અલિપ્ત કરી દેવાયા છે. એક વર્ષ બાદ તેમની વર્તણૂક અને રજૂઆતને ધ્યાને લઈ તાલુકા સમિતિ અને ગ્રામ સમિતિ ગુણદોષના આધારે દંડ કે માફી અંગેનો આખરી નિર્ણય લેશે. આ ઘટનાએ સમગ્ર બનાસકાંઠા પંથકમાં ભારે ચર્ચા જગાવી છે.

### ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાની તૈયારીઓ તેજ

# આંતરિક ગુણ અપલોડ કરવા શાળાઓને આદેશ

**ધોરણ ૧૦ અને સંસ્કૃત પ્રથમના પરીક્ષાર્થીઓના ગુણ ભરવા માટે ૫ થી ૨૧ ફેબ્રુઆરી સુધીનો સમય અપાયો**

ગાંધીનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચમાં લેવાનાર ધોરણ ૧૦ની પરીક્ષાઓને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. બોર્ડની મુખ્ય પરીક્ષાઓ હવે અંતિમ તબક્કામાં છે ત્યારે વિદ્યાર્થીઓના આંતરિક મૂલ્યાંકન અને શાળા કક્ષાના વિષયોના ગુણ ઓનલાઈન પોર્ટલ પર ભરવાની પ્રક્રિયા શરૂ કરવાની સૂચના આપવામાં આવી છે. જે **gseb.org** અને **sscmarks.gseb.org** પરથી ભરી શકાશે.

બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચના મુજબ, ધોરણ ૧૦ અને સંસ્કૃત પ્રથમાના પરીક્ષાર્થીઓના ગુણ ભરવા માટે ૫ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીનો સમય આપવામાં આવ્યો છે.

શાળાઓએ આ સમયગાળા દરમિયાન બોર્ડની સત્તાવાર વેબસાઈટ પરથી ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવાની રહેશે. જો કોઈ શાળા આ સમયમર્યાદામાં ગુણ અપલોડ કરવામાં નિષ્ફળ જશે, તો તેમની સામે કડક કાર્યવાહી થઈ શકે છે.

કઈ રીતે ભરવાના રહેશે ગુણ ?

લોગ-ઈન પ્રક્રિયા: શાળાઓએ પોતાના ઈન્ડેક્ષ નંબર અને રજિસ્ટર્ડ મોબાઈલ નંબરનો ઉપયોગ કરીને લોગ-ઈન કરવાનું રહેશે.

પરીક્ષાર્થીની વિગતો: દરેક વિદ્યાર્થીના ગુણ તેમના નામ અને એપ્લિકેશન નંબરના આધારે સચોટ રીતે ભરવાના રહેશે.

વોકેશનલ વિષયો: જે શાળાઓમાં સેક્ટર સ્કીલ કાઉન્સીલ (SSC)ના વોકેશનલ વિષયો ચાલે છે, તેવી શાળાઓએ પ્રાયોગિક મૂલ્યાંકનના ૫૦ ગુણ પણ ઓનલાઈન ભરવાના રહેશે. આ માટે શાળાએ કાઉન્સીલના પ્રતિનિધિ પાસેથી મેળવેલા ગુણની એન્ટ્રી કરવાની રહેશે.

જો ગુણ ભરવાની પ્રક્રિયામાં કોઈપણ શાળાને ટેકનિકલ સમસ્યા કે અન્ય મૂંઝવણ જણાય, તો તેઓ ગાંધીનગર ખાતે આવેલી બોર્ડની કચેરીની માધ્યમિક શાખાનો જરૂરી પુરાવાઓ સાથે સંપર્ક કરી શકશે. આ આંતરિક ગુણો વિદ્યાર્થીના ફાઈનલ રિઝલ્ટમાં મહત્વની ભૂમિકા ભજવે છે, તેથી શાળાઓને પૂરી તકેદારી રાખવા તાકીદ કરવામાં આવી છે.

### ડબલ ડિજિટમાં ગ્રોથ શક્ય : મુકેશ અંબાણી

# ૮-૧૦ ટકાની ગતિથી આગળ વધશે ભારત : મુકેશ અંબાણી

**બ્લેકરોકના સીઈઓ લૈરી ફિંક સાથે વાત કરતા અંબાણીએ કહ્યું કે, મને ભારત દુનિયામાં ઝડપથી આગળ વધતું દેખાઈ રહ્યું છે**

નવી દિલ્હી, તા.૪

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ ભારતની લૉંગ ટર્મ ઈકોનોમિક સંભાવનાઓને લઈને વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે દેશ ૮થી ૧૦ ટકાનો વિકાસ દર બનાવી રાખી શકે છે અને ટકાઉ રીતે ડબલ ડિજિટ ગ્રોથ પણ પ્રાપ્ત કરી શકે છે.

મુંબઈમાં જિયો બ્લેકરોક ઈવેન્ટ દરમિયાન બ્લેકરોકના સીઈઓ લૈરી ફિંક સાથે વાત કરતા અંબાણીએ કહ્યું કે, મને ભારત દુનિયામાં ઝડપથી આગળ વધતું દેખાઈ રહ્યું છે. ભારતીય અર્થવ્યવસ્થાનું વૃક્ષ હવે સ્પષ્ટ રીતે ફળ આપી રહ્યું છે, એ પણ સ્થિરતા અને ભરપૂર સંભાવનાઓ સાથે. અમારી પોલિસી ટકાઉ રહી છે, પોલિસીમાં કંટીન્યૂટી રહી છે અને અમે હંમેશા કન્ઝર્વેટિવ વલણ અપનાવ્યું છે.

ભારતીયોની બચત પર વાત કરતા અંબાણીએ કહ્યું કે છેલ્લા ૫-૬ દાયકાથી ભારતીયો સતત બચત કરતા આવ્યા છે, પણ બચત એટલી પ્રોડક્ટિવ નથી રહી. જિયો બ્લેકરોક માટે અવસર એ છે કે આપણે લોકોને બચત સાથે સાથે તેને કમાણીમાં બદલવાનો વિકલ્પ આપીએ. એનર્જી સેક્ટરને લઈને તેમણે કહ્યું કે આગામી દાયકામાં ભારત પોતાની ૮૦ ટકા એનર્જી આયાત નહીં કરે. મુકેશ અંબાણીએ કહ્યું કે ટેક્નોલોજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મામલામાં ભારત દુનિયાની પાછળ નહીં રહે. મારું માનવું છે કે, ભારત પાસે ૪.૫ ટ્રિલિયન ડોલરનો અવસર છે અને આગામી ૨૦-૩૦ વર્ષમાં ભારત દુનિયાના બાકી દેશોથી ઝડપથી આગળ વધશે.

અહીં ઉલ્લેખનીય છે કે જિયો-બ્લેકરોક, જિયો ફાઈનાન્શિયલ સર્વિસિઝ અને દુનિયાની સૌથી મોટી એસેટ મેનેજમેન્ટ કંપની બ્લેકરોકની વચ્ચે ૫૦:૫૦નું જોઈન્ટ વેન્ચર છે. આ પાર્ટનરશિપ પર અંબાણીએ કહ્યું કે, લૈરીએ મને કહ્યું કે, બ્લેકરોકનો ઉદ્દેશ્ય ખાલી શોર્ટ ટર્મ પરિણામ અથવા રોકાણકારો માટે રિટર્ન કમાવવાનો નથી. જો આપણે પહેલા સમાજના સારા ભવિષ્ય માટે આ પૈસાનો ઉપયોગ નથી કરી શકતા, તો આપણું કામ અધૂરું રહેશે. આ વિચાર રિલાયન્સનો પણ છે.

### ગુજરાતના મુસાફરોને પણ થશે ફાયદો

# ટ્રેન મુસાફરો માટે ખુશ ખબર ! રેલ્વેએ ૨૦ નવી ટ્રેનો કરી શરૂ

**વધતી જતી ભીડ અને મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને, રેલ્વેએ નવી ટ્રેનો શરૂ કરવાનો નિર્ણય લીધો**

નવી દિલ્હી, તા.૪

ભારતીય રેલ્વેએ મુસાફરોની સુવિધા સુધારવા માટે એક મોટું પગલું ભર્યું છે. વધતી જતી ભીડ અને મુસાફરીની માંગને ધ્યાનમાં રાખીને, રેલ્વેએ દેશભરના વિવિધ રૂટ પર ૨૦ નવી ટ્રેનો શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય તહેવારો અને રજાઓ દરમિયાન ભીડ ઓછી કરવાનો અને મુસાફરો સરળતાથી પુષ્ટિ થયેલ બેઠકો મેળવી શકે તે સુનિશ્ચિત કરવાનો છે.

આ નવી ટ્રેનોમાં આધુનિક વંદે ભારત એક્સપ્રેસ, સસ્તી અને હાઈ-સ્પીડ અમૃત ભારત એક્સપ્રેસ અને ઘણી ખાસ પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે. રેલ્વે અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ બધી ટ્રેનો માટે ટિકિટ બુકિંગૈં ઈઝ્રઝ્ર વેબસાઈટ અને મોબાઈલ એપ્લિકેશન પર શરૂ થઈ ગઈ છે.

રેલ્વે મંત્રાલયે ટ્રેનો એટ અ ગ્લાન્સ ૨૦૨૬ હેઠળ આ ટ્રેનોને મંજૂરી આપી છે. આ વખતે, સરકારનું ખાસ ધ્યાન અમૃત ભારત એક્સપ્રેસ પર છે. આ ટ્રેનો ખાસ કરીને મધ્યમ વર્ગ અને ઓછી આવક ધરાવતા મુસાફરો માટે બનાવવામાં આવી છે, જે સસ્તા ભાડા પર ઝડપી અને આરામદાયક મુસાફરીનો અનુભવ આપે છે. આ ફક્ત લાંબા અંતરની મુસાફરીને સરળ બનાવશે નહીં પરંતુ સમય પણ બચાવશે.

આ ટ્રેનો કયા રૂટ પર દોડશે?

રેલવેએ ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમ ભારતના મુખ્ય શહેરોને જોડવા માટે એક વ્યાપક રૂટ પ્લાન વિકસાવ્યો છે. મુખ્ય ટ્રેનો અને તેમના રૂટ વિશે જાણો

દિલ્હી-શામલી મેમુ (૬૪૦૩૩): આ ટ્રેન કામ માટે દિલ્હી અને શામલી વચ્ચે દરરોજ મુસાફરી કરતા લોકો માટે આશીર્વાદ સ્વરૂપ બનશે.

પીલીભીત-શાહજહાંપુર પેસેન્જર: આ દૈનિક પેસેન્જર ટ્રેન સ્થાનિક કનેક્ટિવિટીને મજબૂત બનાવવા માટે શરૂ કરવામાં આવી છે, જેનાથી નાના શહેરો વચ્ચે મુસાફરી સરળ બને છે.

રાજેન્દ્ર નગર (પટણા)-નવી દિલ્હી અમૃત ભારત: બિહારથી દિલ્હી જનારા અને જનારા મુસાફરો માટે આ એક શ્રેષ્ઠ અને આર્થિક વિકલ્પ છે.

સાબરમતી-જોધપુર વંદે ભારત: ગુજરાત અને રાજસ્થાન વચ્ચે દોડતી આ સેમી-હાઈ-સ્પીડ ટ્રેનનો સમય ૧ ફેબ્રુઆરીથી બદલવામાં આવ્યો છે, જેથી મુસાફરોને વધુ સુવિધા મળે.

કામખ્યા-રોહતક અમૃત ભારત: આ એક સાપ્તાહિક ટ્રેન છે જે ઉત્તરપૂર્વ ભારત (આસામ)ને હરિયાણા સાથે સીધી જોડશે.

સંબલપુર-એરોડ સ્પેશિયલ: ઓડિશાથી તમિલનાડુ જતા મુસાફરો માટે આ ટ્રેન સેવાનો વિસ્તાર કરવામાં આવ્યો છે, જે દક્ષિણ ભારતની મુસાફરીને સરળ બનાવે છે.

પુરી-રૂરકેલા વંદે ભારત: ઓડિશામાં ઝડપી અને આરામદાયક મુસાફરી માટે આ સેમી-હાઈ-સ્પીડ ટ્રેન શરૂ કરવામાં આવી છે.

ધુળે-વારાણસી/અયોધ્યા: મહારાષ્ટ્રના ધુળેથી ઉત્તર પ્રદેશના મુખ્ય ધાર્મિક સ્થળો સુધી સીધી ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે, જેનાથી યાત્રાળુઓને મોટી રાહત મળશે.

નવી ટ્રેનો શરૂ થવાથી હાલની ટ્રેનો પર મુસાફરોનું દબાણ ઘટશે. વધુમાં, વધુ ટ્રેનોની ઉપલબ્ધતા વેઈટિંગ લિસ્ટ ઘટાડશે અને મુસાફરોને કન્ફર્મ ટિકિટ મળવાની શક્યતા વધશે. વંદે ભારત અને અમૃત ભારત જેવી ટ્રેનો તેમની હાઈ સ્પીડ માટે જાણીતી છે, જેનાથી લાંબા અંતરની મુસાફરી ઝડપી બને છે.

અયોધ્યા અને વારાણસી જેવા ધાર્મિક સ્થળો અને ઔદ્યોગિક શહેરો વચ્ચે સીધી કનેક્ટિવિટી સ્થાપિત થશે. ભારતીય રેલ્વેનો આ નિર્ણય લાખો મુસાફરો માટે મોટી રાહત છે જેમને અગાઉ કન્ફર્મ ટિકિટ મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬થી અમલમાં આવેલા આ ફેરફારથી માત્ર મુસાફરીને આધુનિક બનાવવામાં આવી નથી, પરંતુ સામાન્ય માણસના ખિસ્સાનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે.

### હવે લાઈનમાં ઉભા રહેવાની જરૂર નથી

# ૧ એપ્રિલથી આવક-જાતિ સહિત ૧૮ પ્રમાણપત્રો મળશે ઓનલાઈન

**રાજ્યના ૮૦ લાખ પરિવારોને થશે સીધો ફાયદો**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરથી ડિજિટલ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા અને સામાન્ય નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કામાંથી મુક્તિ અપાવવા માટે ગુજરાત સરકારે એક ક્રાંતિકારી નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં આજે ગાંધીનગર ખાતે મળેલી મહત્વપૂર્ણ કેબિનેટ બેઠકમાં આ અંગેનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે આગામી ૧ એપ્રિલથી રાજ્યમાં આવક અને જાતિ સહિતના ૧૮ જેટલા મહત્વના પ્રમાણપત્રો સંપૂર્ણપણે ઓનલાઈન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ નિર્ણયથી વહીવટી પ્રક્રિયા વધુ ઝડપી અને પારદર્શક બનશે. સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ કેબિનેટના નિર્ણયોની માહિતી આપતા જણાવ્યું હતું કે, જ્યારે પણ શાળાઓમાં એડમિશન ની સીઝન શરૂ થાય છે, ત્યારે વિદ્યાર્થીઓ અને વાલીઓને ભારે મુશ્કેલી પડે છે.

ખાસ કરીને આવકના દાખલાઅને જાતિના પ્રમાણપત્રો મેળવવા માટે તેમને સરકારી કચેરીઓમાં લાંબી લાઈનોમાં ઉભું રહેવું પડતું હતું. એડમિશનની તારીખો સાચવવાની ચિંતા અને સમયમર્યાદાના દબાણને કારણે વાલીઓ ભારે હાલાકી ભોગવતા હતા. આ સમસ્યાને કાયમી ધોરણે દૂર કરવા માટે અને નાગરિકોની સુવિધા માટે સરકારે આ ફેસલેસ સેવા શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રીએ અધિકારીઓને કડક સૂચના આપી છે કે આ સમગ્ર પ્રક્રિયા એટલી સરળ અને પારદર્શક બનાવવામાં આવે કે નાગરિકોને કચેરીએ જવાની જરૂર જ ન પડે. હવે નાગરિકો આવક, જાતિ અને અન્ય જરૂરી ૧૮ પ્રકારના દસ્તાવેજો ઓનલાઈન પોર્ટલ પરથી સીધા મેળવી શકશે. સરકારના આ પ્રજાલક્ષી નિર્ણયથી રાજ્યના અંદાજે ૭૦ થી ૮૦ લાખ પરિવારોને સીધો ફાયદો થશે. હવે તેમનો કિંમતી સમય તથા શક્તિ બચશે અને સરકારી કચેરીઓના બિનજરૂરી ધક્કા ખાવામાંથી તેમને કાયમી મુક્તિ મળશે.

આ ઉપરાંત કેબિનેટ બેઠકમાં અન્ય વિભાગોની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી. માહિતી મુજબ, રાજ્યના કૃષિ વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૫૯ લાખ લાભાર્થી ખેડૂતોનું સફળતાપૂર્વક ફાર્મર રજિસ્ટ્રેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે, જે સરકારી યોજનાઓના લાભમાં પારદર્શિતા લાવશે.

### પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે જાહેર કરી બમ્પર ભરતી

**CBRT પદ્ધતિથી પ્રાથમિક પરીક્ષા લેવાશે. GSSSBએ જાહેર કરેલા નવા નિયમો મુજબ પરીક્ષા લેવાશે**

અમદાવાદ,તા.૪

સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સારા સમાચાર આવ્યા છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે બમ્પર ભરતી જાહેર કરી છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ૫૩૭૦ જગ્યા પર ભરતી કરશે. ગ્રૂપ A ની ૨૩૬૫ જગ્યા, ગ્રૂપ B ની ૩૦૦૫ જગ્યા પર ભરતી કરાશે. ભરતી માટે ૫ ફેબ્રુઆરીથી ફોર્મ ભરી કરાશે. ફોર્મ ભરતી અંતિમ તારીખ ૨૦ ફેબ્રુઆરી છે.

CBRT પદ્ધતિથી પ્રાથમિક પરીક્ષા લેવાશે. GSSSBએ જાહેર કરેલા નવા નિયમો મુજબ પરીક્ષા લેવાશે.

સૌથી વધુ ગ્રુપ Bમાં ૩૦૦૫ જગ્યા પર જૂનિયર ક્લાર્કની ભરતી કરાશે. તે સિવાય હેડ ક્લાર્કની ૧૩૪, સિનિયર ક્લાર્કની ૫૦૩ જગ્યા, કલેક્ટર કચેરીમાં મહેસૂલી ક્લાર્કની ૧૬૦૦ જગ્યા પર ભરતી કરાશે. સમાજકલ્યાણ નિરીક્ષક ૧૨૫ જગ્યાઓ તથા કાર્યલાયક અધિક્ષક ૩ જગ્યાઓ તેમજ કલેક્ટર કચેરી ક્લાર્ક ૧૬૦૦ જગ્યાઓ, હેડ ક્લાર્ક ૧૩૪ જગ્યાઓ તથા સિનિયર ક્લાર્ક માટે ૫૦૩ જગ્યાઓની ભરતી કરવાની છે. ભરતી સંબંધિત લાયકાત, વયમર્યાદા, પરીક્ષા પ્રક્રિયા, અરજીની રીત તથા અન્ય મહત્વની વિગતો અંગે સ્પષ્ટ માહિતી મેળવવા ઉમેદવારોને ગૌણ સેવા પસંદગી મંડળની સત્તાવાર વેબસાઈટ પર જાહેરાતને ધ્યાનપૂર્વક વાંચવાની અપીલ કરવામાં આવી છે. ભરતી અંગેની વધુ માહિતી જાહેર થતાં જ ઉમેદવારોને સમયસર તૈયારી કરવા સલાહ આપવામાં આવી છે.

લાયકાત ધરાવતા ઉમેદવારો નિર્ધારિત સમયમર્યાદામાં OJASની વેબસાઈટ પર જઈને ઓનલાઈન અરજી કરી શકશે. છેલ્લી ઘડીએ કોઈ ટેકનિકલ સમસ્યાથી બચવા માટે વહેલી તકે ફોર્મ ભરી દેવું હિતાવહ છે. તમને જણાવી દઈએ કે પરીક્ષા પદ્ધતિ, વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતવાર માહિતી માટે મંડળની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ નોટિફિકેશન રજૂ કરવામાં આવ્યું છે.

ગુજરાત જાહેર સેવા આયોગે રાજ્યના અલગ-અલગ ૫ વિભાગો અને ખાસ કરીને નવી રચાયેલી મહાનગરપાલિકાઓ માટે કુલ ૨૩ સંવર્ગની ૨૭૯ જગ્યાઓ ભરવા માટે સત્તાવાર જાહેરાત કરી હતી. આ ભરતી અભિયાન અંતર્ગત વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓની પસંદગી કરવામાં આવશે. જેમાં નવી રચાયેલી ૯ મહાનગરપાલિકાઓ, ગુજરાત હાઉસિંગ બોર્ડ, પાણી પુરવઠા વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને રમતગમત વિભાગનો સમાવેશ થાય છે. આ વિભાગોમાં મુખ્યત્વે મેડિકલ ઓફિસર, ટાઉન પ્લાનર, અધિક સિટી ઈજનેર અને તબીબી અધિકારી જેવી ૧૩ અલગ-અલગ કેડર માટે ભરતી થશે. GPSCના ઈતિહાસમાં પ્રથમ વખત ઉમેદવારો માટે 'કાઉન્સિલિંગ' સિસ્ટમ દાખલ કરવામાં આવી છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૧૬ February, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે, ત્યાં સુધી ઓનલાઈન ફોર્મ ભરી શકાશે.

### ૨૫થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી

# અમદાવાદ એરપોર્ટ પર વાદળછાયું વાતાવરણને કારણે ફ્લાઈટ શિડ્યુઅલ ખોરવાયા

**વાદળછાયું વાતાવરણ અને ઓછી વિઝિબિલિટીના કારણે ફ્લાઈટ સેવાઓમાં ભારે વિક્ષેપ સર્જાયો છે**

અમદાવાદ,તા.૪

સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર આજે સવારથી વાદળછાયું વાતાવરણ અને ઓછી વિઝિબિલિટીના કારણે ફ્લાઈટ સેવાઓમાં ભારે વિક્ષેપ સર્જાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, આજે અમદાવાદ આવતી અને જતી આશરે ૨૫થી વધુ ફ્લાઈટ્સ મોડી પડી છે, જેના કારણે હજારો મુસાફરોએ એરપોર્ટ પર લાંબા સમય સુધી રાહ જોવી પડી છે અને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે.

ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ્સ પરથી મળેલી વિગતો અનુસાર, હાલમાં સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વાદળછાયા વાતાવરણ સાથે તાપમાન આશરે ૨૨°C આસપાસ છે અને વિઝિબિલિટી માત્ર ૨ માઈલ જેટલી જ છે. આ પરિસ્થિતિ લેન્ડિંગ અને ટેક

મુખ્યત્વે ઉત્તર અને પૂર્વ ભારતના રૂટ પરની ફ્લાઈટ્સ પર વધુ અસર જોવા મળી છે. આગ્રા, ચંદીગઢ, ભુવનેશ્વર, દિલ્હી, મુંબઈ સહિતના મુખ્ય શહેરોની ફ્લાઈટ્સમાં નોંધપાત્ર વિલંબ નોંધાયો છે. કેટલીક ફ્લાઈટ્સ ને રનવે પર રાહ જોવી પડી રહી છે, જ્યારે કેટલીકને લેન્ડિંગ માટે વધારાના ચક્કર લગાવવા પડ્યા છે.

ફ્લાઈટ્સના વિલંબને કારણે ટર્મિનલમાં મુસાફરોની ભીડ વધી ગઈ છે. ઘણા મુસાફરો કલાકો સુધી વેઈટિંગ એરિયામાં બેસી રહ્યા છે. ખાસ કરીને કનેક્ટિંગ ફ્લાઈટ્સ પકડવાના મુસાફરોને સૌથી વધુ મુશ્કેલી પડી છે કેટલાકને આગળની ફ્લાઈટ ચૂકી જવાની નોબત આવી છે. એરપોર્ટ પર અસંતોષ જોવા મળ્યો હતો, જેમાં મુસાફરોએ એરલાઈન્સ અને એરપોર્ટ સ્ટાફ પાસે વધુ સારી વ્યવસ્થા અને માહિતીની માગણી કરી હતી.

એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.હવામાનમાં સુધારો થતાં જ ફ્લાઈટ ઓપરેશન્સ ધીમે ધીમે સામાન્ય થશે. હાલમાં ફ્લાઈટ લેટનો સિલસિલો ચાલુ છે.

### રાષ્ટ્રપતિ શાસન હટ્યા બાદ રાજ્યપાલે લેવડાવ્યા શપથ

# યુમનામ ખેમચંદ સિંહ બન્યા મણિપુરના નવા મુખ્યમંત્રી

**કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવવાની જાહેરાત કરી હતી**

મણિપુર, તા.૪

મણિપુરમાં લાંબા સમય બાદ ફરી એકવાર લોકશાહી શાસનનો સૂર્યોદય થયો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે બુધવારે સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને રાજ્યમાંથી રાષ્ટ્રપતિ શાસન હટાવવાની જાહેરાત કરી છે. આ આદેશ સાથે જ રાજ્યમાં લગભગ એક વર્ષથી ચાલી રહેલા કેન્દ્રીય શાસનનો અંત આવ્યો છે. બીજી તરફ એનડીએએ મણિપુરમાં સરકાર બનાવી છે. લોકભવન ખાતે મણિપુર વિધાનસભા પક્ષના નેતા યુમનામ ખેમચંદ સિંહે રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. મણિપુરના રાજ્યપાલ અજય ભલ્લાએ શપથ લેવડાવ્યા.

ગૃહ મંત્રાલયે આ મામલે બુધવારે (૪ ફેબ્રુઆરી) સત્તાવાર નોટિફિકેશન બહાર પાડીને જાહેરાત કરી છે. આ નિર્ણય આજ ૪ ફેબ્રુઆરી ૨૦૨૬થી લાગુ થશે. નોટિફિકેશનના અનુસાર, બંધારણના અનુચ્છેદ ૩૫૬ની કલમ (૨)ના હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને મણિપુર રાજ્યમાં ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ લાદવામાં આવેલા રાષ્ટ્રપતિ શાસનની ઘોષણાને રદ કરી છે. આ આદેશ સાથે રાજ્યમાં કેન્દ્રીય શાસનની વ્યવસ્થાનો અંત આવ્યો છે. બીજી તરફ યુમનામ ખેમચંદ સિંહના નેતૃત્વમાં દ્વઙ્ઘછ પ્રતિનિધિમંડળે લોકભવનમાં રાજ્યપાલ અજય કુમાર ભલ્લાને મળ્યા અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

ગૃહ મંત્રાલયના જણાવ્યા અનુસાર, બંધારણના અનુચ્છેદ ૩૫૬ની કલમ (૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫થી લાદવામાં આવેલું રાષ્ટ્રપતિ શાસન રદ કરવામાં આવ્યું છે. આ જાહેરાત બાદ તરત જ યુમનામ ખેમચંદ સિંહના નેતૃત્વમાં દ્વઙ્ઘછના પ્રતિનિધિમંડળે રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરી હતી અને સરકાર બનાવવાનો દાવો રજૂ કર્યો હતો.

NDA ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાયેલા યુમનામ ખેમચંદ સિંહ(મેતૈઈ સમુદાય) આજે સાંજે ૬:૦૦ વાગ્યે મણિપુરના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. આ શપથગ્રહણ સમારોહ લોક ભવન ખાતે યોજાયા. તેમની સાથે અન્ય પાંચ મંત્રીઓ પણ શપથ લે તેવી શક્યતા છે, જેમાં બે નાયબ મુખ્યમંત્રીઓનો સમાવેશ થાય છે:

- નેમચા કિપગેન: નાયબ મુખ્યમંત્રી (કુકી સમુદાય)
- લોસી દિખો: નાયબ મુખ્યમંત્રી (નાગા સમુદાય)

નવા મંત્રીમંડળમાં મેતૈઈ, કુકી અને નાગા એમ ત્રણેય સમુદાયોને પ્રતિનિધિત્વ આપીને રાજ્યમાં શાંતિ સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

યુમનામ ખેમચંદ સિંહ મણિપુર ભાજપના વરિષ્ઠ અને અનુભવી નેતા છે. તેઓ વર્ષ ૨૦૧૭ અને ૨૦૨૨માં સિંગજામેઈ બેઠક પરથી ધારાસભ્ય પદે સતત બે વાર ચૂંટાયા છે. આમ તેમણે, વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૨ દરમિયાન તેમણે મણિપુર વિધાનસભાના અધ્યક્ષ તરીકે સફળતાપૂર્વક જવાબદારી નિભાવી હતી. અગાઉની બીરેન સિંહ સરકારમાં તેઓ પંચાયતી રાજ, ગ્રામીણ વિકાસ અને શિક્ષણ જેવા મહત્ત્વના વિભાગોના મંત્રી રહી ચૂક્યા છે.

# પુ. મોરારી બાપુ અને સંતશ્રી ડો. રતિદાદાનાં વરદ્‌હસ્તે

# ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી ટ્રસ્ટ દ્વારા ૪ કલાકારોને કાનજી ભુટા એવોર્ડ એનાયત



યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજ કેમ્પસ ખાતે હેલીકોપ્ટર દ્વારા સંત પૂ. મોરારીબાપુની પ્રેરક ઉપસ્થિતિમાં પ.પૂ. સંત ડો. રતિદાદાની પ્રેરણાથી તેમજ ભારતભૂષણ મહેશભાઈ મહેતાના સતત પ્રયત્નોથી પદ્મશ્રી હેમંતભાઈ ચૌહાણ (ભજનિક), ઘનશ્યામભાઈ લખાણી (લોક સાહિત્યકાર), ગોપાલભાઈ બારોટ (લોક સાહિત્યકાર)ને કાનજીભુટા બારોટ એવોર્ડ ૨૦૨૬ તેમજ આ વર્ષથી શરૂ કરેલ મરણોત્તર એવોર્ડ કલા ઉદઘોષક સ્વ. નટુદાદા જોષીના પરિવારને આપી સન્માનિત કરાયા હતા. એવોર્ડ કાર્યક્રમ પહેલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલય, રક્ષા શકિ ગર્લ્સ સ્કુલ, સંસ્કૃત શકિત ગુરૂકુળ તેમજ હરિબા મહિલા કોલેજનો વાર્ષિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બાળકો દ્વારા વિવિધ કૃતિઓ જેવી કે નૃત્ય, દેશભકિત ગીત આધારિત ડમ્બેલ્સ કૃતિ, ગરબા નૃત્ય, પીરામીડ, સંસ્કૃત ગુરૂકુળના બાળકો દ્વારા સંસ્કૃતગીત ઉપર નૃત્ય વગેરે જેવી અનેક સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરવામાં આવી. ત્યારબાદ એવોર્ડ કાર્યક્રમનો શુભારંભ સંતોની ભાવવંદના તેમજ દીપપ્રાગટયથી કરવામાં આવ્યો હતો. જેમાં પુ. સંત ડો. રતિદાદા, પ.પુ. સંત મોરારીબાપુ. પુ. સતી નંદગીરી માતાજી, ભારતભૂષણ મહેશભાઈ મહેતા, લાલજીભાઈ ખુંટ, રઘુવીરગીરી બાપુ, મનુભાઈ બારોટ, ભકિતરામ બાપુ, રાઘવબાપુ, ઉદયબાપુ ભગત, હર્ષદબાપુ ભગત, સરપંચ ઉપેન્દ્રભાઈ વાળા, નગરપાલિકા પ્રમુખ જયરાજભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, મહેન્દ્રભાઈ સાદરાણી, જયંતિભાઈ પાનસુરીયા, શહેર પ્રમુખ જીતુભાઈ કાથરોટિયા, પીએસઆઈ ગઠવી અને સ્ટાફ, શૈલદાદા, યુ.કે.થી ચીમનભાઈ તેજુરા અને અવનીબેન, આફ્રિકાથી હિરલબેન, બીપીનભાઈ ભરાડ અને ગાયત્રી પરિવાર પરિજનો, ભરતભાઈ ધારૈયા, રણજીતભાઈ ભગત, વનરાજભાઈ વકીલ, સ્વ. જોષીદાદાનો પરિવાર સહિત અનેક મહાનુભાવો જોડાયા હતા. એવોર્ડ લેવા પધારેલ કલાસાધકોને રોકડ પુરસ્કાર રૂા. ૫૧૦૦૦ અને કાનજી બારોટ એવોર્ડ પ.પુ. રતિદાદા અને પ.પુ. મોરારીબાપુના વરદહસ્તે આપી સન્માનિત કરાયા હતા. પ.પુ. દાદાએ સૌને આશીર્વચન આપ્યા અને પ.પુ. બાપુની રામકથા થાય એવી વિનંતી કરેલ. પ. પૂજય બાપુએ પોતાના આશીર્વચનમાં પુ. દાદાએ જે આ એવોર્ડની પહેલ એ કામગીરીને બિરદાવી તેમજ સંસ્થા હજુ વધુ સારા કાર્યો કરે. સાથે સાથે સંસ્થા નવનિર્મિત બાળકો માટે ભોજનાલય, પ્રાણી સંગ્રહાલય, સ્વીમીંગ પુલ, સ્કેટિંગ ગ્રાઉન્ડનું ભૂમિપૂજન પૂ. દાદા તથા પૂ. બાપુના વરદહસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં ગ્રામજનો તથા બહાર ગામથી વિશાળ સંખ્યામાં મહેમાન ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે રાતે ભવ્ય લોક ડાયરો યોજાયો હતો જેમાં હેમંતભાઈ ચૌહાણએ આગવી શૈલીમાં ભજનો રજુ કર્યા. ઘનશ્યામભાઈ લખાણીએ જોકસ અને લોક સાહિત્ય દ્વારા મહેફિલ જમાવી હતી. ગોપાલભાઈ બારોટના પુત્ર રાજવીર બારોટએ ગીતોની રમઝટ બોલાવી હતી. સમગ્ર આયોજન માટે ચલાલા પીએસઆઈ ગઢવીએ બંદોબસ્ત ગોઠવી આપ્યો હતો. ડાયરેકટર શીતલબેન મહેતા સહિત ગાયત્રી એજયુકેશન ગ્રુપના સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

પાના ૮ ઉપરનું ચાલું **જાફરાબાદનાં બાલાની વાવ નજીક**

સિંહોની સુરક્ષા કરવામાં અનેક વખત અસફળ બની રહ્યો છે.

દરમિયાનમાં તાજેતરમાં જાફરાબાદનાં બાલાની વાવ નજીક નેશનલ હાઈવે ઉપર ''લવકુશ'' નામધારી સિંહોની એક જોડી હાઈવે ક્રોસ કરતી હોય તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે થોડા દિવસો પહેલા ભાવનગર–સોમનાથ હાઈવે ઉપર અકસ્માતથી સિંહણનું મોત થયાની ઘટના તાજી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** ડો. વસંતભાઈ પરીખનાં ધર્મપત્ની અ.સૌ. રમાબેન તે રાજુભાઈ, કાલિન્દી, મલય તથા પ્રીતિના માતૃશ્રી (ઉ.વ. ૯૪) તા. ૪/૨/૨૬નાં રોજ શ્રીજીચરણ પામ્યા છે. તેઓની પ્રાર્થના સભા તા. ૫/૨/૨૦૨૬ ગુરૂવારનાં રોજ ૪ થી ૬ કલાકે મોઢવણિકની વાડી, રાજકમલ ચોક, અમરેલી ખાતે રાખેલ છે.

**ચિતલ :** ચિતલ નિવાસી ગિરાસદાર સરવૈયા રિલીપસિંહ (રીપુભા) ના લઘુબંધુ તે સુરૂભા (બદુભા) દાનુભા સરવૈયાના ધર્મ પત્ની તેમજ રવિરાજસિંહ તથા વિજીતસિંહના માતૃશ્રી અને ગીરીરાજસિંહ કિરીટસિંહ જાડેજા (લાલપુર) ના મામી તે ભારતીબા (ઉ.વ. ૫૬) નુ તારીખ ૨/૨/૨૦૨૬ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૫/૨/૨૦૨૬ને ગુરૂવારના રોજ તેમના નિવાસસ્થાને રાજવાડી શેરી ખાતે રાખેલ છે. તેમની ઉત્તરક્રિયા તા. ૧૨/૨/૨૦૨૬ ગુરૂવારના રોજ નિવાસ સ્થાને રાખેલ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૦૧ | ૧૫૭૧ |
| ૨ | મગફળી | ૧૧૫૨ | ૧૩૧૧ |
| ૩ | જુવાર સફેદ | ૭૦૦ | ૭૦૦ |
| ૪ | તુવેર | ૧૨૧૨ | ૧૪૫૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૭૫ | ૧૫૨૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૪૮૫ | ૧૫૩૫ |
| ૩ | શિંગ મોટી | ૧૦૨૦ | ૧૫૫૦ |
| ૪ | શિંગદાણા | ૧૧૧૫ | ૧૯૨૫ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૧૨૫ | ૧૯૩૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૯૦ | ૨૨૯૦ |
| ૭ | તલ કાળા | ૧૧૫૫ | ૩૨૦૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૯૫૦ | ૧૯૫૦ |
| ૯ | બાજરો | ૨૯૦ | ૩૦૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૩૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૧૫ | ૫૩૫ |
| ૧૨ | મકાઈ | ૩૩૦ | ૩૯૫ |
| ૧૩ | મગ | ૮૫૦ | ૧૨૧૫ |
| ૧૪ | અડદ | ૫૦૦ | ૭૩૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૦૮૦ |
| ૧૬ | સફેદ ચણા | ૯૦૦ | ૧૦૬૦ |
| ૧૭ | તુવેર | ૮૫૦ | ૧૬૩૦ |
| ૧૮ | કપાસ | ૮૮૦ | ૧૬૨૫ |
| ૧૯ | એરંડા | ૧૦૨૫ | ૧૨૬૫ |
| ૨૦ | જીરૂ | ૨૫૦૦ | ૪૩૫૦ |
| ૨૧ | ધાણી | ૧૮૦૦ | ૨૦૫૦ |
| ૨૨ | અજમા | ૧૬૩૦ | ૨૪૬૦ |
| ૨૩ | મેથી | ૯૨૫ | ૯૬૫ |
| ૨૪ | સોયાબીન | ૯૨૦ | ૧૦૯૫ |
| ૨૫ | રજકાનું બી | ૬૦૦૦ | ૭૫૦૦ |
| ૨૬ | મરચા લાંબા | ૧૦૦૦ | ૬૮૦૦ |
| ૨૭ | નવી ધાણી | ૧૪૦૫ | ૧૮૬૦ |

## માર્ગ સલામતી માસ ૨૦૨૬ અંતર્ગત પીપાવાવ ખાતે વિશેષ ટ્રાફિક ચેકિંગ ડ્રાઇવ યોજાઈ

અમરેલી, તા. ૨

એ.આર.ટી.ઓ. અમરેલી તથા જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા ‘‘રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ–સપ્તાહ’’ અંતર્ગત તા. ૨૮/૧/૨૦૨૬ના રોજ ‘‘રોડ સેફટી વિક’’ અંતર્ગત પીપાવાવ એ.પી.એલ ટર્મિનલ ખાતેથી રોડ સેફટી વિષયક વિશેષ ચેકિંગ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ડ્રાઈવ અભિયાન દરમિયાન આશરે ૧૩૦ જેટલા ડ્રાઈવર–માલિકોની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન વાહન ચાલકોને રોડ સેફટીના નિયમો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ખાસ કરીને વાહન ચલાવતા સમયે મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવો, નશીલા પદાર્થોનું સેવન કરી અને વાહન ન ચલાવવું, હેલ્મેટ તથા સીટ બેલ્ટ ફરજિયાત પહેરવી, વાહનના લાઈટ, ઈન્ડિકેટર, બ્રેક, એલ.ઈ.ડી. લાઈટ, સાઈડ ગ્લાસ તથા નંબર પ્લેટ યોગ્ય હોવા જોઈએ તેવી સમજ આપવામાં આવી હતી.

આ ઉપરાંત વાહનના ડ્રાઈવિંગ લાઈસન્સ, ઈન્શ્યોરન્સ, પી.યુ.સી. સર્ટિફિકેટ ચકાસવામાં આવ્યા હતા તથા નિયમ ભંગ કરનાર વાહનચાલકો સામે મોટર વાહન અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. ટ્રક તથા ભારે વાહનોમાં પાછળ પીળા રંગની રિફલેક્ટિવ સાઈડ લાઈન તથા રેડિયમ લગાવવાની અનિવાર્યતા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રોડ અકસ્માતોને અટકાવવા માટે દરેક વાહનચાલકે ટ્રાફિક નિયમોનું પાલન કરવું અનિવાર્ય હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું તથા રોડ સેફટી અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી આવા અભિયાન આગળ પણ ચાલુ રાખવામાં આવશે તેમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું હતું.

પાના ૧ ઉપરનું ચાલું **કેન્દ્રિય બજેટથી ખેડૂતો સહિત**

સરકારની વિવિધ યોજનાઓનો લાભ લઈને પોતાની ખેતીને વધુ લાભદાયી બનાવવા અપીલ કરી હતી.

કિસાન સંવાદ દરમિયાન ઉપસ્થિત ખેડૂતો દ્વારા વિવિધ પ્રશ્નો તથા સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા, જેને ધારાસભ્યએ સ્વીકારી યોગ્ય માર્ગદર્શન અને જવાબ આપ્યા હતા. આ સંવાદ કાર્યક્રમથી ખેડૂતોમાં નવી જાગૃતિ અને વિસનું વાતાવરણ સર્જાયું હોવાનું પણ જણાયું હતું. કિસાન સશકિતકરણ અને ગ્રામ વિકાસ પ્રત્યેની મજબૂત પ્રતિબદ્ધતા સાથે આયોજિત આ વીબી–જી રામ જી કાર્યશાળા તથા કિસાન સંવાદ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

આ કાર્યક્રમમાં શહેર ભાજપ તેમજ તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકા, તાલુકા તેમજ જિલ્લા પંચાયત સદસ્યો, માર્કેટિંગ યાર્ડના હોદ્દેદારો, ખેડૂત મિત્રો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૬૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૨ | શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૭૦ |
| ૩ | તલ સફેદ | ૧૮૫૦ | ૨૦૦૦ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૪૨૦૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૫૨૫ |
| ૬ | કપાસ | ૧૪૦૦ | ૧૬૦૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૫૮૪ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૮૦ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૫૫૧ |
| ૧૧ | અડદ | ૧૧૦૦ | ૧૫૦૯ |
| ૧૨ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૦ |
| ૧૩ | તુવેર | ૧૨૦૦ | ૧૬૦૨ |
| ૧૪ | એરંડી | ૧૦૨૦ | ૧૧૫૦ |
| ૧૫ | મેથી | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | ધાણા | ૧૩૫૦ | ૧૮૩૦ |
| ૧૭ | સોયાબીન | ૧૦૦૦ | ૧૦૮૨ |

## અમરેલીમાં તા. ૬ ફેબ્રુઆરીએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર શીતલ કુલ પ્રોડકટ લિમિટેડ અમરેલી માટે ૧૮ થી ૫૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાઓને અનુરૂપ ધોરણ ૧૦થી સ્નાતક (૧ થી ૨ વર્ષનો અનુભવ) લાયકાત ધરાવનાર તેમજ યુવા શક્તિ ફાઉન્ડેશન શાપર રાજકોટ માટે ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરૂપ ધોરણ ૫ થી ધોરણ ૯, એસ.એસ.સી, એચ.એસ.સી, આઈ.ટી.આઈ તમામ, સ્નાતક, ડિપ્લોમા, બી.ઈ અને બી.ટેક શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૬/૨/૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાકે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, સી બ્લોક, પ્રથમ માળ, બહુમાળી ભવન અમરેલી ખાતે રોજગાર મેળો યોજાશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લીંક https://anubandham.gujarat.gov.in/account/signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયાબાદ પોર્ટલ પર login કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૫૧ |
| ૨ | મગફળી | ૧૦૦૫ | ૧૪૧૪ |
| ૩ | ઘઉં | ૪૦૦ | ૫૧૦ |
| ૪ | ધાણા | ૧૫૪૦ | ૧૮૦૦ |
| ૫ | તુવેર | ૬૮૦ | ૧૩૫૧ |
| ૬ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૭ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૮ | શીંગદાણા | ૧૦૧૦ | ૧૦૧૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૨૪ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૧૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૧૬ |
| ૪ | ચણા | ૮૭૦ | ૧૦૪૦ |
| ૫ | ધાણા | ૧૫૦૦ | ૧૬૮૦ |
| ૬ | જુવાર | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ૭ | સોયાબીન | ૮૯૦ | ૧૧૧૧ |
| ૮ | મગફળી | ૧૦૫૦ | ૧૨૮૦ |
| ૯ | તુવેર | ૮૦૦ | ૧૩૨૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૧૫ | ૧૬૫૧ |
| ૧૧ | લસણ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૨ | અડદ | ૯૦૦ | ૧૦૦૦ |
| ૧૩ | તલ કાળા | ૩૫૮૦ | ૩૫૮૦ |
| ૧૪ | બાજરો | ૫૦૦ | ૫૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું **મતદારોનાં નામ કમી કરવાનું**

કરવામાં આવી છે તેની સામે કોઈ વાંધો નથી, પરંતુ આક્ષેપ એવો છે કે આશરે ૪૫ જેટલી વ્યકિતઓએ સંગઠિત થઈને એક ગુનાહિત ષડયંત્ર રચ્યું છે.

આ વ્યકિતઓએ સાવરકુંડલા મામલતદાર કચેરીની ચૂંટણી શાખામાં ફોર્મ નં. ૭ (નામ રદ કરવા માટેનું ફોર્મ) ભરીને અંદાજે ૭,૦૦૦થી વધુ એવા મતદારોના નામ કમી કરાવવાનો પ્રયાસ કર્યો છે, જેઓ ખરેખર જીવિત છે અને પોતાના નિયત સરનામે જ વસવાટ કરે છે.

નગરસેવકે પોતાની રજૂઆતમાં આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ‘નિર્દોષ નાગરિકોના મતાધિકાર પર તરાપ મારનારા તત્વો ખરા અર્થમાં નુકસાનકારક છે. હયાત વ્યકિતનું અસ્તિત્વ રેકર્ડ પરથી નિર્મૂળ કરવું એ નીંદનીય કૃત્ય છે. આવા તત્વો લોકશાહી માટે કલંક છે.’

મામલતદાર કચેરીમાં જમા થયેલા તમામ શંકાસ્પદ ફોર્મ નં. ૭ તાત્કાલિક કબ્જે કરવામાં આવે. ફોર્મમાં ભરેલા અક્ષરો કોના છે તે જાણવા માટે ફોરેન્સિક હેન્ડ રાઈટિંગ એકસપર્ટનો અભિપ્રાય લેવામાં આવે. ખોટી માહિતી આપનાર ૪૫ વ્યકિતઓ અને જો કોઈ સરકારી અધિકારીની મિલીભગત હોય, તો તેમની સામે પણ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે.

એકસાથે આટલી મોટી સંખ્યામાં મતદારોના નામ દૂર કરવાના પ્રયાસ પાછળ કોઈ મોટું રાજકીય હિત છુપાયેલું છે કે કેમ તે ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસ આ મામલે હવે કેવા પગલાં ભરે છે અને ચૂંટણી પંચ આ ગંભીર બેદરકારી કે ષડયંત્ર સામે શું એકશન લે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. આવનારા દિવસોમાં આ મુદ્દો સાવરકુંડલા જ નહીં પણ આખા જિલ્લામાં વધુ ગરમાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

સંકુલ – સ્કૂલ કોલેજ
ડેઈલીટેસ્ટ – રીપીટેડલી
ક્વાર્ટરલી Exam
All પ્રેક્ટીકલ – પૂર્ણ કોર્સ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૬૩૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૦૦ | ૧૩૮૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૧૬૯ | ૧૪૮૧ |
| ૪ | ચણા | ૯૨૫ | ૧૦૧૫ |
| ૫ | જીરૂ | ૩૩૧૫ | ૪૨૭૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૩૫ |
| ૭ | તુવેર | ૯૮૫ | ૧૫૧૫ |
| ૮ | ધાણા નવા | ૧૧૩૫ | ૧૭૨૫ |
| ૯ | સોયાબીન | ૭૯૦ | ૧૦૬૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૬૨૦ | ૧૮૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૩૦૦ | ૧૪૫૨ |
| ૨ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૦૦ |
| ૩ | તલ પીળા | ૨૦૦૦ | ૨૦૫૦ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૬૫૧ |
| ૫ | બાજરો | ૩૭૦ | ૫૪૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૭૬ |
| ૭ | જુવાર | ૮૦૧ | ૧૧૬૧ |
| ૮ | મગ | ૯૦૦ | ૧૫૦૦ |
| ૯ | તુવેર | ૧૧૦૦ | ૧૪૦૦ |
| ૧૦ | સોયાબીન | ૯૦૦ | ૧૦૧૧ |
| ૧૧ | રાય | ૧૭૦૧ | ૧૭૦૧ |

# અમરેલી ખાતે NSUI દ્વારા કોલેજોમાં નશામુકિત અંગે જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો






સમગ્ર ગુજરાતમાં નશાનો કારોબાર દિન પ્રતિદિન વધિ રહ્યો છે. ત્યારે ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ ધ્વારા નશામુક્ત કેમ્પસ અભિયાન અંતર્ગત અમરેલી જીલ્લામાં પણ નશા મુક્ત કેમ્પસ અભિયાનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. અમરેલી જીલ્લા એનએસયુઆઈ ધ્વારા નશા મુક્તિ અંગે જનજાગૃતિ કાર્યક્રમ વિદ્યાસભા સંચાલિત બીસીએ કોલેજ તથા કે કે પારેખ કોમર્સ કોલેજ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અમરેલી જિલ્લાની કોલેજમાં સફળતાપૂર્વક આયોજિત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન એનએસયુઆઈની ટીમ ધ્વારા વિદ્યાર્થીઓને નશાના દૂષણો, તેની સામાજિક તથા શૈક્ષણિક અસર અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે જ તમામ વિદ્યાર્થીઓને નશાથી દૂર રહેવા માટે શપથ લેવરાવવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામમાં ઉપસ્થિત પૂર્વ પ્રદેશ એનએસયુઆઈ પ્રમુખ આદિત્યસિંહ ગોહિલ, અમરેલી જિલ્લા એનએસયુઆઈ પ્રમુખ સાહિલ શેખ ઉપસ્થિત રહ્યા હતા. તેમજ કોંગ્રેસ આગેવાન સંદિપભાઈ ધાનાણી, વિપુલ પોંકિય, મનીષભાઈ ભંડેરી સહિત, નિકુંજ સોલંકી, અનિલ જોષી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને નશામુક્ત જીવન અપનાવવા માટે પ્રેરણા આપી હતી. એનએસયુઆઈ ધ્વારા જણાવ્યું હતું કે, યુવાધન દેશનું ભવિષ્ય છે અને નશા જેવી બુરાઈઓથી દૂર રહી શિક્ષણ અને સ્વસ્થ જીવન તરફ આગળ વધવું અતિ આવશ્યક છે. એનએસયુઆઈ ધ્વારા ચલાવવામાં આવતું ડ્રગ્સ મુક્ત કેમ્પસ અભિયાન યુવાનોમાં સકારાત્મક પરિવર્તન લાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

### સમસ્ત ભરવાડ સમાજ દ્વારા ૧૨ ફેબ્રુઆરીએ

## બાબરા ખાતે દ્વિતીય સમુહલગ્નોત્સવને લઈને તડામાર તૈયારીઓ : કરિયાવર અર્પણ

### શ્રી ગોપાલક એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટનું સુંદર આયોજન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા.૪

બાબરા ખાતે આગામી તા.૧૨ ફેબ્રુઆરીના રોજ ગોપાલક એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના નેજા હેઠળ સમસ્ત ભરવાડ સમાજના દ્વિતીય ભવ્ય સમુહલગ્નનું ખૂબ જ ઉત્સાહભેર આયોજન અહીં નિલવળા રોડ પર આવેલ ગોપાલક છાત્રાલય ખાતે કરવામાં આવ્યું છે, જેમાં રૂકમણી વિવાહની સાથે સમાજની ૪૫ નવયુગલ દીકરીઓ ધામધૂમથી પ્રભુતામાં પગલાં પાડી મંગલમય જીવનની શરૂઆત કરશે. આ ભવ્ય પ્રસંગને સફળ બનાવવા માટે ટ્રસ્ટના પ્રમુખ ખોડાભાઈ રાતડીયા તથા ઉપપ્રમુખ રૂપાભાઈ ગમારાના સીધા માર્ગદર્શન હેઠળ સમાજના ઉત્સાહી યુવાનો અને અગ્રણીઓ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે. ખાસ ઉલ્લેખનીય છે કે, આ સમુહલગ્ન પૂર્વે જ તમામ દીકરીઓના પરિવારજનોને સમાજના દાતાઓ અને અગ્રણીઓના હસ્તે કરિયાવરનું વિતરણ કરી દેવામાં આવ્યું છે, જેમાં ખેતી, પલંગ, કબાટ, ખુરશી સહિત કુલ ૮૮ પ્રકારની જીવન જરૂરિયાતની ઘરેલુ ચીજવસ્તુઓ ભેટ સ્વરૂપે અર્પણ કરવામાં આવી છે. નીલવળા રોડ પર આવેલ ગોપાલક છાત્રાલય ખાતે યોજાનારા આ મંગલ મહોત્સવમાં પૂજય ઘનશ્યામપુરી બાપુ (ગવાલીનાથ જગ્યા), પૂજય રામબાપુ (બાવળીયાળી ધામ), પૂજય કણીરામ બાપુ (દુધરેજ) તેમજ પૂજય રામઆપા (ચાવડ) સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાંથી સાધુ–સંતો, સમાજની વિવિધ સંસ્થાઓના શ્રેષ્ઠીઓ, અગ્રણીઓ અને દાતાઓ વિશેષ ઉપસ્થિત રહી નવદંપતીઓને સુખી જીવનના આશીર્વાદ પાઠવશે. સમાજમાં કરકસર અને એકતાના સંદેશ સાથે યોજાઈ રહેલા આ દ્વિતીય સમુહલગ્નને લઈ સમગ્ર બાબરા પંથકના ભરવાડ સમાજમાં ભારે હર્ષની લાગણી જોવા મળી રહી છે.

### ‘‘પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના’’ તરીકે

## બગસરાનાં ઝાંઝરીયા અને વડિયાનાં જુના બાદનપુરની પસંદગી કરાઈ

### બંને ગામની ગ્રામ્ય વિકાસ યોજના અંતર્ગત બેઠક યોજાઈ

અમરેલી, તા. ૪

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી અનુસૂચિત જાતિ અભ્યુદય યોજનાના ઘટક પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજના (PMAGY) હેઠળ વર્ષ ૨૦૨૫–૨૬ અમરેલી જિલ્લાના બગસરા તાલુકાના ઝાંઝરીયા અને કુંકાવાવ–વડિયા તાલુકાના જુના બાદનપુરની પસંદગી થઈ છે. આ બંને ગામો ‘આદર્શ ગ્રામ’ બની શકે તેવા હેતુથી ગેપ ફિલીંગ હેઠળ વિવિધ કામગીરી અને ગ્રામ વિકાસ યોજના (વી.ડી.પી.) અંગે જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા અનુસરણ સમિતિના સભ્ય સચિવ અને અનુસૂચિત જાતિ કલ્યાણ નાયબ નિયામકએ યોજના અંતર્ગત ગ્રામ વિકાસનો પ્લાન જિલ્લા કલેક્ટર સમક્ષ પ્રસ્તુત કર્યોહતો. જિલ્લા કલેક્ટરએ આ પ્લાન અંતર્ગત સમિતિને યોગ્ય માર્ગદર્શન આપી અને ગ્રામ વિકાસ યોજના તૈયાર કરવાની સૂચના આપી હતી. પ્રધાનમંત્રી આદર્શ ગ્રામ યોજનાના નવા ગામ તરીકે જિલ્લાના આ બંને ગામમાં માળખાકિય સુવિધાઓ, સામાજિક આર્થિક સુધારા માટેના પગલા લેવામાં આવશે, જેમાં કેન્દ્ર સરકાર અને રાજય સરકારની યોજનાઓ પાયારૂપ બનશે. આ બેઠકમાં જિલ્લા કલેક્ટરએ બંને ગામના ગ્રામ વિકાસ માટે ભૂગર્ભ ગટર, મધ્યાહન ભોજન યોજના માટે શાળામાં શેડ, સ્મશાન, સોલાર રૂફ ટોપ, સ્ટ્રીટલાઈટ સહિતના કામોને પ્રાધાન્ય આપવાની સૂચના આપી હતી. આ ઉપરાંત ગામમાં પ્રત્યેક વ્યકિતના જનધન ખાતા હોય તે સુનિશ્ચિત કરવા માટે લીડ બેંક મેનેજરને સૂચના આપી હતી. બેઠકમાં પ્રાંત અધિકારી બગસરા–વડિયા નંદા, નાયબ કલેક્ટર પુરવઠા કુંભાણી, પ મિ ગુજરાત વીજ કંપનીના અધિકારીઓ, બંને તાલુકાના તાલુકા વિકાસ અધિકારી તેમજ સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## લાઠી ખાતે રોડ સેફટી અર્થે કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૪

‘શીખ સે સુરક્ષા, ટેકનોલોજી સે પરિવર્તન’ જિલ્લા ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ અમરેલી ધ્વારા રોડ સેફટીની વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવી રહી છે. જેમાં જનજાગૃત્તિ વધારવાના પ્રયત્નો સામેલ છે. લાઠી સ્થિત ગાયત્રી કોલેજ ખાતે રોડ સેફટી લગત કાર્યક્રમ યોજાયો હતો. વકૃત્વ સ્પર્ધાના વિજેતાઓને હેલ્મેટ આપી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ઉપરાંત સીટ બેલ્ટ પહેરવો, વાહન ઈન્સ્યોરન્સ અને પી.યુ.સી સહિતના સર્ટિફિકેટ સાથે રાખવા, ઓવર સ્પીડ કરવી નહીં, ઓવરટેક વખતે ધ્યાન રાખવું, વાહન ચલાવતી વખતે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, હોર્ન કે ઈન્ડીકેટરનો ઉપયોગ કરવો સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી અને લોકોને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. તેમ અમરેલી એ.આર.ટી.ઓ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.


શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ

ડો.કૃતિકા હિતેશ શાહ

: ઉપલબ્ધ સારવાર :

- કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
- કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન
- કાનની બુટનું ઓપરેશન
- એલર્જી, ચક્કર, સાયનસનું નિદાન અને સારવાર
- સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
- એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
- $CO_2$ લેસર સર્જરી
- થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન

સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦

સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી

ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭


### ધારાસભ્ય જનક તળાવીયાની રજુઆત બાદ

## બાબરા : ઈસાપર–આંબલીયાધાર માર્ગનાં નવિનીકરણ માટે રૂપિયા ૨.૭૦ કરોડ મંજુર

### ખાતમુર્હુત કાર્યક્રમમાં આગેવાનો ઉપસ્થિત રહ્યા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૪

બાબરા તાલુકાના ઈસાપર થી આંબલીધાર રીસર્ફેસીંગ માર્ગના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર દ્વારા રૂ. ૨.૭૦ કરોડના વ્યયથી નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ મહત્વપૂર્ણ માર્ગ પ્રોજેક્ટનું ભવ્ય ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવિયાના કરકમલેથી શુભ મુહૂર્તે સંપન્ન થયું. કાર્યક્રમને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે, ગ્રામ્યરસ્તાઓનો વિકાસ એ ગ્રામ્ય પ્રગતિનું મુખ્ય પાયુ છે. ઈસાપર થી આંબલીધાર રીસર્ફેસીંગ માર્ગનું સુધારીકરણ પૂર્ણ થતા લોકો માટે મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનશે. આ માર્ગ ગ્રામ્ય આર્થિક પ્રવૃત્તિઓને વેગ આપશે, ખેતી–ખરાપત જેવા વ્યવસાયોને બજાર સાથે વધુ સક્ષમ રીતે જોડશે અને ગામોના સર્વાંગી વિકાસમાં પરિવર્તન લાવશે ધારાસભ્યએ વધુમાં ઉમેર્યુ કે રાજય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને આવનારા સમયમાં પણ આ પ્રકારના અનેક વિકાસ કાર્યો અમલમાં મૂકવામાં આવશે. આ પ્રોજેક્ટમાંથી મોટી સંખ્યામાં ગ્રામજનોને સીધો લાભ મળશે તથા આસપાસના વિસ્તાર માટે નવો વિકાસમાર્ગ ખુલશે. ખાતમુહૂર્ત પ્રસંગે જીલ્લા પંચાયતના સદસ્યઓ, તાલુકા ભાજપ મહામંત્રી, પંચાયતના પ્રતિનિધિઓ, ગામના સરપંચ, સ્થાનિક આગેવાનો, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ આ વિકાસકાર્ય માટે આનંદ વ્યકત કર્યો અને ધારાસભ્યની પ્રશંસા કરી. આ કાર્યક્રમને સફળ બનાવવા સ્થાનિક જનતાએ ઉત્સાહપૂર્વક સહકાર આપ્યો અને વિકાસયાત્રામાં સતત સાથે રહેવાની પ્રતિબદ્ધતા દર્શાવી.

### પૂ.મોરારી બાપુના સાંનિધ્યમાં

## કાગધામે (મજાદર)પદ્મશ્રી કવિ કાગબાપુની પુણ્યતિથિ નિમિતે કાગ એવોર્ડ એનાયત થશે

### આગામી તા.૨૧ ફેબ્રુઆરીના રોજ ‘‘કાગને ફળિયે કાગની વાતું’’ વિષય અંતર્ગત સાહિત્યિક કાર્યક્રમ યોજાશે




અમરેલી, તા. ૪

પદ્મશ્રી કવિ કાગબાપુની પાવન જન્મભૂમિ કાગધામ (તા.રાજુલા, જી. અમરેલી)ખાતે કાગબાપુની ૪૯મી પુણ્યતિથિ (કાગ ચોથ) નિમિતે પૂજય મોરારી બાપુના સાનિપ્રયમાં ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુંછે. આ અવસરે મોરારી બાપુ પ્રેરિત ‘‘કાગ એવોર્ડ’’ના રજત મહોત્સવ વર્ષની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. કાગ એવોર્ડના સંયોજક ડો. બળવંતભાઈ જાની દ્વારા વર્ષ ૨૦૨૬ માટે કાગ એવોર્ડની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રજત મહોત્સવ વર્ષ દરમ્યાન કુલ ૨૫ વિદ્વાનોને કાગ એવોર્ડ અર્પણ કરવામાં આવશે. વર્ષ ૨૦૨૬ માટે જાહેર થયેલા કાગ એવોર્ડથી મોરારીબાપુ દ્વારા વંદના કરવામાં આવશે. સ્ટેજ ક્ષેત્રે: ધીરૂભાઈ સરવૈયા, અનવર મીર, કમલેશ જામંગ, ભારતીબેન કુંચાળા, ભાનુભાઈ વોરા સંશોધન ક્ષેત્રે : તીર્થંકર રોહડિયા, પ્રવીણ મધુડા, દિનેશ માવલ, બલરામ ચાવડા, રામભાઈ બારોટ ચારણી સાહિત્ય રજૂઆત ક્ષેત્રે : અચલદાન બોક્ષા, ચેતન ગઢવી, જીતુદાદ ગઢવી, ઈન્દુબેન ગઢવી (બાટી), જવાહર ગઢવી દિવંગત વિદ્વાનો (મરણોત્તર સન્માન) : સ્વ. જીવભાઈ પિંગલશી નરેલા, કવિ કાન, જાદવજીબાપા (મોજાડીવાલા), વિજયકરણ મેહડુ, દાદુદાન ખુમદાન રાજસ્થાનના વિદ્વાનો : પદ્મ સુખદેવસિંહ બારહઠ, માધવ હાડા, ધનંજયાબેન અમરાવત, મહાદાનસિંહ બારહઠ, ભવરદાન રત્નુ ફાગણ સુદ ચોથ, તા. ૨૧/૨/૨૦૨૬ના (શનિવાર) રોજ બપોરે ૩:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી કાગધામ ખાતે ‘‘કાગના ફળિયે કાગની વાતું’’ વિષયક પરિસંવાદ યોજાશે. આ પરિસંવાદમાં પ્રખ્યાત વકતા રમજાન હસણિયા પોતાના વિચારો પ્રસ્તુત કરશે. કાર્યક્રમ અંતર્ગત કવિ કાગબાપુ એવોર્ડ અર્પણ વિધિ તેમજ કચ્છ–કાઠિયાવાડ અને ગુજરાતના નામી–અનામી કલાકારો દ્વારા કાગવાણીની ભાવસભર રજૂઆતો યોજાશે. પદ્મશ્રી કવિ કાગબાપુ ટ્રસ્ટ દ્વારા સર્વ કાગ પ્રેમીજનનો આ પાવન અવસરે હાજરી આપવા આમંત્રણ આપવામાં આવ્યુ છે.

### અમરેલી જિલ્લાનાં સુપ્રસિધ્ધ યાત્રાધામ

## ભુરખીયા મંદિરની આસપાસ ખાણીપીણીની દુકાનો પર ફૂડ સેફટી ટીમ દ્વારા ચેકીંગ હાથ ધરવામાં આવ્યું

### કુલ ૧૯ જેટલા ધંધાર્થીઓને ફૂડ લાઇસન્સ માટે નોંધણી પ્રમાણપત્ર એનાયત



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લા કલેક્ટરની સૂચના અન્વયે જિલ્લામાં અલગ અલગ પવિત્ર યાત્રાધામ ખાતે ખાણીપીણીની દુકાનો પર ફુડ સેફટી ટીમ દ્વારા સમયાંતરે તપાસણી કરવામાં આવી રહી છે.જે અંતર્ગત લાઠીના ભુરખીયા મંદિર (શ્રી ભુરખીયા હનુમાનજી મંદિર) ખાતે ખાણીપીણીની દુકાનો પર ફૂડસેફટી ટીમ દ્વારા તપાસણી કરવામાંઆવી હતી. ઉપરાંત તમામ દુકાનોનેસ્વચ્છતા બાબતે પુરતી કાળજી લેવા અને હાઈજીનિક કન્ડિશન સંબંધિત સૂચનાઓ આપવામાં આવી હતી. સાથે વિવિધ પ્રકારના ફૂડનો વેપાર કરતા કુલ ૧૯ જેટલા ધંધાર્થીઓને ફૂડ લાઈસન્સ માટેની પ્રક્રિયા હેઠળ નોંધણી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી વર્તુળ કચેરી દ્વારા ફૂડ લાઈસન્સ માટે નોંધણીને લઈને રજીસ્ટ્રેશન કેમ્પનું આયોજન હાથ ધરવામાં આવ્યુંહતુ, તેમ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, અમરેલી વર્તુળ–કચેરીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે સેલ્ફ ડિફેન્સ તાલિમ આયોજીત થઈ






અમરેલી માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અમરેલીમાં નારી ગૌરવનીતિ અંતર્ગત સેલ્ફ ડિફેન્સ તાલિમનું તારીખ ૨૯/૧/૨૬ ના રોજ આયોજન કરવામાં આવ્યું. આ તાલિમમાં સેન્સેઈ નિહોન કરાટે ડુ શુબુકાઈ ઈન્ડીયા કેડમીના કોચ પાર્થ કામોઠી ઉપસ્થિત રહ્યા હતા. તાલિમના આરંભ પૂર્વે ઈન્ચાર્જ પ્રિન્સ ડો. વેલિયતએ પાર્થનો પરિચય આપી સ્વાગત કર્યુ હતું. પાર્થ કામોઠીએ કોલેજની વિદ્યાર્થીનીઓને પ્રેકટિકલ દ્વારા પોતાનો સ્વબચાવ કઈ રીતે કરી શકાય, તેની ખૂબ જ ઉપયોગી તાલીમ આપી હતી. તાલિમના અંતે અંગ્રેજી વિભાગના અધ્યક્ષ પ્રા. જૈમિન જોશીએ આભાર દર્શન કર્યુ હતું. આ તાલિમને સફળ બનાવવામાં સમગ્ર સ્ટાફ મિત્રોનો અને વિદ્યાર્થીનીઓનો ઉત્તમ સહકાર પ્રાપ્ત થયો હતો.




## અમરેલી જિલ્લામાં હજારો નાગરિકોનાં મતાધિકાર છીનવવાનો પ્રયાસ

# આતે કેવુ ? : મતદારોનાં નામ કમી કરવાનું નવતર કૌભાંડ

**જનતાનાં હિતમાં કામ કરીને મત મેળવવાનાં હોય કે વિરોધી મતને દૂર કરીને વિજયી થવાનું હોય તે કોઈ સમજી શકતું નથી**

**મતદારોનાં નામ કમી થતાં હોવાનો આક્ષેપ માત્ર કોંગ્રેસ પક્ષ દ્વારા જ થઈ રહ્યો છે**

**ભાજપનાં એકપણ આગેવાન આ બાબતે કેમ કોઈ નિવેદન કે પ્રતિક્રિયા આપતા નથી તે સમજાતું નથી**

**લોકશાહી શાસનમાં દરેક ચૂંટણી પ્રક્રિયા પારદર્શી, નિષ્ઠાપૂર્વક થાય તે જોવાની ચૂંટણીપંચની જવાબદારી**

સાવરકુંડલા, તા. ૪

અમરેલી જિલ્લામાં હજારો નાગરિકોનો મતાધિકાર છીનવવાનો પ્રયાસ ફોર્મ નં. ૭ ભરીને ત્રાહીત વ્યકિતઓ ધ્વારા કરવામાં આવતાં અમરેલી, વડિયા બાદ સાવરકુંડલાનાં કોંગી આગેવાનોએ આ બાબતે ચૂંટણી અધિકારીને લેખિત રજૂઆત કરી છે.

લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકહિતનાં કાર્યો કરી મત મેળવીને હરિફ ઉમેદવારોને પરાજય આપવાનો હોય કે હરિફ ઉમેદવાર કે પક્ષ તરફી મતદારોનાં નામ કમી કરાવીને વિજય મેળવવાનો હોય તો તે બાબત અતિ શરમજનક બની રહી છે.

સાવરકુંડલાનાં કોંગી નગરસેવક નાસીર ચૌહાણે પણ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં અરજી આપીને કોંગ્રેસ પક્ષ તરફી મતદારોનાં નામ કમી કરવામાં આવી રહ્યાનું જણાવીને કસુરવાનો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

તેઓએ જણાવેલ છે કે, હાલમાં સમગ્ર ગુજરાતમાં ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી સુધારણાની કામગીરી ચાલી રહી છે. આ પ્રક્રિયા દરમિયાન સાવરકુંડલા શહેરમાં બીએલઓ (બૂથ લેવલ ઓફિસર) દ્વારા સત્તાવાર રીતે જે કામગીરી

અનુસંધાન પાના ૬ ઉપર

### ખુંખાર પ્રાણીનો માતૃપ્રેમ દર્શાવતો વિડીયો વાયરલ

## સિંહબાળને વૃક્ષ પરથી ઉતારવા માટે જનેતા સિંહણે જબરદસ્ત પ્રયાસ કર્યો

**અન્ય એક સિંહણ પણ મદદમાં જોડાઈ**



અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લાની નજીક આવેલ ગીર વિસ્તારમાં સિંહણનો માતૃપ્રેમ દર્શાવતો અદ્‌ભુત વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો છે.

ગીર વિસ્તારમાંર સિંહણ અને ૨ થી ૩ સિંહણ આરામ ફરમાવતા હોય તે સમયે એક બાળસિંહ રમત-રમતમાં એક વૃક્ષ પર ચડી જતાં દુરથી દ્રશ્ય નિહાળીને એક સિંહણ તુરત જ વૃક્ષ નજીક આવીને બાળસિંહને નીચે ઉતારવનો પ્રયાસ કરતી હોય તે દ્રશ્ય નિહાળીને અન્ય એક સિંહણ પણ મદદે આવી. સમગ્ર ઘટનાઓનો વિડીયો વાયરલ થતાં સૌ કોઈને ખુંખાર પ્રાણીનાં માતૃપ્રેમના દર્શન થયા હતા.

### નેશનલ હાઈવે પર લટાર મારતી હોય

## જાફરાબાદનાં બાલાની વાવ નજીક "લવકુશ" નામની સિંહોની જોડીનું અનેરૂ દ્રશ્ય જોવા મળ્યુ

**હાઈવે ઉપર સિંહોની અવરજવર અતિ જોખમી**

અમરેલી, તા. ૪

અમરેલી જિલ્લામાં માનવ વસાહતમાં સતત સિંહોની અવરજવર જોવા મળતી હોય કે હાઈવે ઉપર સિંહો વાહન અકસ્માતનો શિકાર બની રહ્યા હોય દેશનાં ગૌરવસમા સિંહોની સુરક્ષા જોખમાતી હોવા છતાં પણ વન વિભાગ

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)